RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 102* Date: 01.02.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# 'ભારતમાં હવે નિર્ભય અને નિર્ણાયક સરકાર છે': દ્રૌપદી મુર્મુ

**ભારતની લોકશાહી હંમેશા સમૃદ્ધ રહી છે. એક રાષ્ટ્ર તરીકે ભારતની ઓળખ અમર હતી, અમર છે અને અમર રહેશે**



નવીદિલ્હી,તા.૩૧

આજથી સંસદનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે. રાષ્ટ્રપતિ મુર્મૂએ આજે સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠકને પોતાનું પ્રથમ સંબોધન કર્યું હતું. રાષ્ટ્રપતિએ પોતાના સંબોધન દરમિયાન સરકારની અનેક ઉપલબ્ધિઓ વિશે વાત કરી હતી. તેમણે કેન્દ્ર સરકારને નીડર અને દેશના હિતને સર્વોપરી રાખતા ગણાવ્યા હતા. રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું કે શાંતિ ત્યારે જ શક્ય છે જ્યારે તમે રાજકીય અને લશ્કરી રીતે સક્ષમ હોવ, તેથી ભારત તેની સૈન્ય શક્તિને પણ આધુનિક બનાવવા પર ભાર મૂકી રહ્યું છે.

સમગ્ર વિશ્વ આ સમયે ભારતને આશાની નજરે જોઈ રહ્યું છે. ભારતની લોકશાહી હંમેશા સમૃદ્ધ રહી છે. એક રાષ્ટ્ર તરીકે ભારતની ઓળખ અમર હતી, અમર છે અને અમર રહેશે. આપણો પ્રયાસ મુશ્કેલ લક્ષ?યો નક્કી કરવાનો અને તેને પ્રાપ્ત કરવાનો હોવો જોઈએ. આખી દુનિયાના દેશો જે કરવાનું વિચારી રહ્યા છે, તે આપણે ભારતીયોએ પહેલા કરવું જોઈએ. આપણે આપણી લોકશાહીને સમૃદ્ધ કરતી વખતે આપણા સંકલ્પોને પરિપૂર્ણ કરીએ.

રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું કે અફઘાનિસ્તાન અને યુક્રેન જેવા દેશોમાં મુશ્કેલીમાં મુકાયેલા આપણા નાગરિકોને પાછા લાવ્યા છે. ભારતે આતંકવાદ પર જે કડક વલણ અપનાવ્યું છે તે દુનિયા પણ સમજી રહી છે. આથી આતંક વિરુદ્ધ ભારતનો અવાજ દરેક મંચ પરથી ગંભીરતાથી સાંભળવામાં આવી રહ્યો છે. યુએનમાં પણ ભારતે આતંકવાદ પર પોતાની ભૂમિકા સ્પષ્ટ કરી છે. સરકાર સાયબર સુરક્ષાની ચિંતા સમગ્ર વિશ્વની સામે મૂકી રહી છે.દેશમાં સ્ટાર્ટઅપની સંખ્યા ૯૦ હજારને પાર પહોંચી ગઈ છે.

રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું કે સુગમ્ય યોજનાથી ભારતના દિવ્યાંગ લોકોને ફાયદો થયો છે. ભારતમાં સરકારી યોજનાઓની અસર વધી છે. આજે યુવાનો ઈનોવેશનમાં તાકાત દેખાડી રહ્યા છે. દેશમાં સ્ટાર્ટઅપની સંખ્યા ૯૦ હજારને પાર પહોંચી ગઈ છે. અગ્નિવીર યોજનાનો પણ યુવાનોને લાભ મળશે. સરકારે ૨૦૧૪ થી ૨૦૨૨ સુધીમાં ૬૦ થી વધુ મેડિકલ કોલેજો ખોલી છે. ૨૦૧૪થી વિદ્યાર્થીઓ માટે સ્નાતક અને અનુસ્નાતક બેઠકો બમણી થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન દેશમાં પાંચ હજારથી વધુ કોલેજો ખોલવામાં આવી છે. એ જ રીતે ભૌતિક માળખાગત સુવિધાઓના પણ ઘણા રેકોર્ડ બનાવવામાં આવ્યા છે. પીએમ ગ્રામ સડક યોજના હેઠળ નવ વર્ષમાં રસ્તાઓનું નેટવર્ક બમણું થઈ ગયું. દેશની ૯૯ ટકા વસાહતો સડક માર્ગે જોડાયેલી છે.છેલ્લા આઠ વર્ષમાં દેશમાં મેટ્રો નેટવર્ક ત્રણ ગણાથી વધુ વધી ગયું છે. આજે ૨૭ શહેરોમાં ટ્રેનનું કામ ચાલી રહ્યું છે. એ જ રીતે દેશભરમાં ૧૦૦થી વધુ નવા જળમાર્ગોથી દેશમાં પરિવહન ક્ષેત્રને પુનર્જીવિત કરવામાં મદદ મળશે.રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું હતું કે, ખેલો ઈન્ડિયા ગેમ્સનું આયોજન દેશનાં દરેક ખૂણામાંથી ભારતની પ્રતિભાઓને પ્રોત્સાહન આપવા અને દૂર કરવા માટે થઈ રહ્યું છે. અમારી સરકાર વિકલાંગો વિશે પણ સક્રિય છે અને સાઈન લેંગ્વેજ પર પણ કામ કરી રહી છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે ભારતે પ્રગતિ અને પ્રકૃતિને વિરોધાભાસી માનતી માનસિકતાને પણ બદલી નાખી છે. સરકાર ગ્રીન ગ્રોથ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે અને મિશન લિફ સાથે સમગ્ર વિશ્વને જોડી રહી છે.રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું કે ભારતીય રેલવે પોતાના આધુનિક અવતારમાં સામે આવી રહી છે અને દેશના રેલવે મેપમાં ઘણા દુર્ગમ વિસ્તારો પણ જોડવામાં આવી રહ્યા છે. ભારતીય રેલ્વે ઝડપથી વિશ્વનું સૌથી મોટું ઈલેક્ટ્રિક રેલ્વે નેટવર્ક બનવા તરફ આગળ વધી રહ્યું છે.

રાષ્ટ્રપતિ મુર્મૂએ કહ્યું કે, દેશનું ઉડ્ડયન ક્ષેત્ર પણ ઝડપથી વિકસી રહ્યું છે. આજે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું ઉડ્ડયન બજાર બની ગયું છે. આમાં ફ્લાઈટ પ્લાનિંગની પણ મોટી ભૂમિકા છે. આઝાદીના અમૃતમાં દેશ પાંચ આત્માઓની પ્રેરણાથી આગળ વધી રહ્યો છે. સરકાર પણ ગુલામીની દરેક નિશાની, એ માનસિકતામાંથી મુક્ત થવાનો સતત પ્રયાસ કરી રહી છે. જે એક સમયે રાજપથ હતો તે હવે કર્તવ્યનો માર્ગ બની ગયો છે.

આપણો વારસો આપણને આપણાં મૂળ સાથે જોડે છે અને આપણો વિકાસ આપણને આકાશને સ્પર્શ કરવા માટે પ્રેરિત કરે છે. એટલા માટે સરકારે વિરાસતને મજબૂત કરવાનો અને વિકાસને પ્રાથમિકતા આપવાનો માર્ગ પસંદ કર્યો છે. મેડ ઈન ઈન્ડિયા અભિયાન અને આત્મનિર્ભર ભારત અભિયાનની સફળતાનો લાભ દેશને મળવા લાગ્યો છે. આજે ભારતમાં તેની મેન્યુફેક્ચરિંગની ક્ષમતા વધી રહી છે અને દુનિયાભરની મેન્યુફેક્ચરિંગ કંપનીઓ ભારતમાં આવી રહી છે.

# પીએમ મોદીએ વિપક્ષના સાંસદોને અપીલ કરી છે, સત્રમાં સંઘર્ષ થશે, પણ દલીલો પણ થવી જોઈએ



નવીદિલ્હી,તા.૩૧

સંસદનું બજેટ સત્ર આજથી શરુ થયું છે. સંસદના બંને સદનની સંયુક્ત બેઠકમાં પહેલી વાર રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના અભિભાષણ બાદ શરૂ થયું હતું અને રાષ્ટ્રપતિના અભિભાષણ બાદ આર્થિક સર્વે રજૂ કરવામાં આવ્યુ હતું હતું આ અગાઉ પીએમ મોદીએ મીડિયા સાથે વાત કરી હતી.

આ દરમિયાન તેમણે કહ્યું કે, આજે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનું પ્રથમ અભિભાષણ છે. આ નારી સન્માનનો અવસર છે. એટલું જ નહીં પીએમ મોદીએ વિપક્ષના સાંસદોને અપીલ કરી છે, સત્રમાં સંઘર્ષ થશે, પણ દલીલો પણ થવી જોઈએ.

આ બાજૂ વિપક્ષે સર્વદલીય બેઠકમાં સંકેત આપી દીધા છે કે, સત્ર ખૂબ જ હોબાળાભર્યું રહેવાનું છે. કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પાર્ટીઓ હાલમાં વિદેશી એજન્સી દ્વારા ગૌતમ અદાણી વિરુદ્ધના રિપોર્ટ અને બીબીસીની ડોક્યુમેન્ટ્રીની સ્ક્રીનિંગ પર રોકના મુદ્દા પર સરકારને ઘેરવાની તૈયારીમાં છે.

મીડિયા સાથે વાત કરતા પીએમ મોદીએ કહ્યું કે, ૨૦૨૩માં બજેટ સત્ર પ્રારંભ થઈ રહ્યું છે. પ્રારંભમાં જ અર્થજગતના અવાજને માન્યતા હોય છે, તેવી જ ચારેતરફથી સકારાત્મક મેસેજ લઈને આવી રહી છે. આશાનું કિરણ લઈને આવે છે. ઉમંગનો અવાજ લઈને આવી રહ્યા છે. ભારતના હાલના રાષ્ટ્રપતિ જી પહેલી વાર દેશને સદનને સંબોધન કરશે. રાષ્ટ્રપતિનું ભાષણ ભારતના સંવિધાનનું ગૌરવ છે. સંસદીય પ્રણાલીનું ગૌરવ છે. ખાસ કરીને આજે નારી સન્માનનો અવસર છે. જંગલ અને અંતરિયાળ વિસ્તારોમાં રહેતા દેશના મહાન આદિવાસીઓના સન્માનનો અવસર છે. ફક્ત સંસદ જ નહીં પણ સમગ્ર દેશ માટે ગૌરવની ક્ષણ છે. આજે રાષ્ટ્રપતિનું પ્રથમ સંબોધન છે. જ્યારે સદનમાં પહેલી વાર કોઈ સાંસદ ઊભા થઈને બોલવાના છે. તો આખુ સદન તેમનું સન્માન કરે છે. તેમનો આત્મવિશ્વાસ વધારે. આવો માહોલ ઊભો કરે છે, આ પરંપરા છે.

આજે રાષ્ટ્રપતિનું પણ પ્રથમ સંબોધન છે. તમામ સાંસદો તરફથી ઉમંગ અને ઊર્જાથી ભરેલી ક્ષણ હોય. આ મારો વિશ્વાસ છે. તમામ સાંસદો આ કસોટી પર ખરા ઉતરે. દેશના નાણામંત્રી પણ મહિલા છએ. તેએ બજેટ લઈને દેશની સામે આવી રહ્યા છે. આજની વૈશ્વિક પરિસ્થિતીમાં ભારતના બજેટ તરફ ભારત જ નહીં પણ સમગ્ર વિશ્વનું ધ્યાન છે. ડામાડોળ વિશ્વની આર્થિક પરિસ્થિતીમાં ભારતનું બજેટ, ભારતના સમાન માનવીયની આકાંક્ષાઓન પુરી કરવાની કોશિશ કરશે, પણ વિશ્વ જે આશાનું કિરણ જોઈ રહ્યું છે.

મને પુરો વિશ્વાસ છે, નિર્મલાજી આ અપેક્ષાઓને પુરા કરવાના પ્રયાસ કરશે. એનડીએ સરકારનો એક ઉદ્દેશ્ય રહ્યો છે, લક્ષ્ય રહ્યો છે, અમારા કેન્દ્ર બિંદુમાં ફક્ત સૌથી પહેલા દેશ અને સૌથી પહેલા દેશવાસીવાળો ભાવ રહ્યો છે. આ બજેટ સત્રમાં દલીલો પણ રહેશે અને સંઘર્ષ પણ થશે.

વિપક્ષના તમામ સાથીઓ ઝીણવટ પૂર્વક તમામ તૈયારીઓ સાથે પોતાની વાત રજૂ કરશે. સદન ખૂબ જ સારી રીતે ચર્ચા કરીને અમૃત કાઢશે.

## વૈશ્વિક સંકટ છતાં વિકાસ દરમાં સૌથી આગળ ભારત, નાણામંત્રીએ સંસદમાં આર્થિક સર્વે રજૂ કર્યો

નવીદિલ્હી,તા.૩૧

નાણાંમંત્રી નિર્મલા સીતારમણે સદનમાં આજે બપોરે લગભગ ૧ કલાકે આર્થિક સર્વેનો રિપોર્ટ રજૂ કર્યો હતો. તેમાં આગામી નાણાકીય વર્ષ માટે ૬ ટકાથી લઈને ૬.૮ ટકા સુધીનો વિકાસ દર રહેવાનું અનુમાન લગાવ્યું છે.

ગત વર્ષના આર્થિક સર્વેમાં ૨૦૨૨-૨૩ દરમિયાન દેશનો જીડીપી વિકાસ દર ૮-૮.૫ ટકા રહેવાનું અનુમાન જાહેર કર્યું હતું.

આર્થિક સર્વેમાં ભારત સરકારે જણાવ્યું છે કે, અર્થવ્યવસ્થા હાલ કોવિડ- ૧૯ની મહામારીથી ઉબરી રહી હતી, કે રશિયા-યુક્રેન યુદ્ધના કારણે નવું સંક્ટ સામે આવ્યું. પહેલા મહામારી અને હવે મોંઘવારીનો આ ઘેરાવ, પણ કુશળ મેનેજમેન્ટ અને યોગ્ય રણનીતિથી આપણે તેને પાર કરવામાં સફળ રહ્યા અને હવે ભારતીય અર્થવ્યવસ્થા મંદીથી કોસો દૂર દેખાઈ રહ્યું છે.

ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આર્થિક સર્વેમાં કહેવાયું છે કે, ૨૦૨૦ બાદ દુનિયાને આર્થિક સ્તર પર ઝટકાનો સામનો કરવો પડ્યો છે. કેટલાય દેશો પર ખરાબ અસર પડી છે. પણ ભારતીય અર્થવ્યવસ્થા મજબૂત બની રહી છે. નાણાકીય વર્ષ ૨૨માં દેશની અર્થવ્યવસ્થાએ અન્ય દેશોથી સારો વિકાસદર પ્રાપ્ત કર્યો છે.

નાણામંત્રીએ જણાવ્યું કે, આ વર્ષે અમે બજેટમાં લગાવેલા અનુમાનથી ક્યાંય વધારે ટેક્સ મળ્યો છે.

વિદેશ અને ભારતીય રોકાણકારો પાસેથી ૧૦,૨૦૦ કરોડ રૂપિયા એકઠા કર્યા. અમારુ ફોકસ વિનિવેશ પર પણ છે. પણ તેમાં બહારી કારણો મોટી ભૂમિકા નિભાવે છે.

નાણાંમંત્રીએ જણાવ્યું કે, એફડીઆઈ નીતિઓમાં ફેરફાર બાદ ફાર્મા સેક્ટરને અત્યાર સુધીમાં લગભગ ૨૦ અબજ ડોલરનું પ્રત્યક્ષ વિદેશી રોકાણ મળ્યું છે. સપ્ટેમ્બર, ૨૦૨૨ જોઈએ તો, છેલ્લા પાંચ વર્ષમાં ફાર્મા સેક્ટરમાં એફડીઆઈ ચાર ગણું વધ્યું છે.

નાણામંત્રીએ જણાવ્યું છે કે, રોડ નિર્માણ પર સરકારે ચાલૂ નાણાંકીય વર્ષમાં પોતાના ખર્ચથી બે ગણુ વધારે કર્યું છે.

આ દરમિયાન કુલ ૧.૪૯ લાખ કરોડ રૂપિયા ખર્ચ કર્યો છે. જે છેલ્લા નાણાકીય વર્ષથી ૧૦૯ ટકા વધારે છે.

નાણામંત્રી નિર્મલા સીતારમણે કહ્યું કે, આગામી નાણાકીય વર્ષમાં જેવું મોંઘવારી નીચે આવશે, વિકાસ દરને આગળ વધારવામાં મદદ મળશે. સ્વાસ્થ્ય ક્ષેત્ર પર સરકારનો ખર્ચ જીડીપીના ૨.૩ ટકા પર પહોંચી ગયો છે.

## કાશ્મીર, હિમાચલ અને ઉત્તરાખંડમાં ભારે બરફવર્ષાથી સંકટ: રોડ અને એર ટ્રાફિક ઠપ, વીજળી-પાણીની સપ્લાઈ પ્રભાવિત

નવીદિલ્હી,તા.૩૧

સોમવારે થયેલા તાજા બરફવર્ષાના કારણે કાશ્મીર સહિત હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં રસ્તાઓ અને હવાઈ અવરજવર પર અસર પડી છે. દેશના બાકીના ભાગનો કાશ્મીરઘાટી સાથે સંપર્ક તૂટી ગયો અને હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં પણ સામાન્ય જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયું. ભારે બરફવર્ષના કારણે કેટલીય હવાઈ અને બીજા રસ્તા બંધ કરવા માટે મજબૂર થવુ પડ્યું હતું. આ પહાડી રાજ્યોમાં કેટલાય વિસ્તારોમાં વીજળી સપ્લાઈમાં પણ અડચણો આવી હતી. તેની સાથે જ જમ્મુ કાશ્મીરના ૧૦ જિલ્લા અને હિમાચલ પ્રદેસના અમુક વિસ્તારોમાં બરફ પિગળવાની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

એક રિપોર્ટ અનુસાર, સોમવારે સવારે કાશ્મીર અને જમ્મુના ઉપરી ભાગમાં બરફવર્ષ બાદ શ્રીનગરથી આવતી ૬૮ ફ્લાઈટ રદ કરી દેવામાં આવી હતી અને શ્રીનગર જમ્મુ નેશનલ હાઈવે બંધ કરી દેવામાં આવ્યો હતો. ચંદ્રકોટ અને બનિહાલની વચ્ચે કેટલીય જગ્યા પર પથ્થર અને માટી ઘસી પડવાથી હાઈવે બંધ કરવો પડ્યો હતો. જ્યારે હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષાના કારણે ૪૯૬ રસ્તા બંધ કરી દેવામાં આવ્યા હતા. મનાલી કેલાંગ રોડ બંધ થઈ ગયો છે. શિમલા, લાહૌલ અને સ્પીતિ અને કિન્નૂર જિલ્લામાં લોકોની રોજીંદી જિંદગી અસ્ત વ્યસ્ત થઈ ગઈ છે. આ જગ્યા પર મોટા ભાગે બરફ પડવાના કારણે બંધ થઈયા છે. સાથે જ વીજળીની સપ્લાઈ અને પાણીની સપ્લાઈ પર પણ અસર થઈ છે.ઉત્તરાખંડમાં ગંગોત્રી અને યમુનોત્રી નેશનલ હાઈવે પર બરફ પડ્યા બાદ ગાડીઓની અવરજવર ઠપ થઈ ગઈ છે. હાલના દિવસમાં બંને નેશનલ હાઈવના અમુક ભાગમાં સાંજ સુધીમાં સફાઈ થઈ જશે. તેની સાથે જ ઉત્તરાખંડમાં લગભગ ૧૦ લિંક રોડ પણ બંધ કરી દેવામાં આવ્યા છે. આ બાજૂ હિમાચલ પ્રદેશમાં અટલ સુરંગના દક્ષિણ ભાગમાં ૯૦ સેમી બરફ પડ્યો, જે રાજ્યમાં સૌથી વધારે છે. જમ્મુ કાશ્મીર આપદા પ્રબંધન મેનેજમેન્ટે ડોડા, કિશ્તવાડ અને પુંછ જિલ્લામાં હિમસ્ખલનની ચેતવણી આપી છે. હિમાચલ પ્રદેશમાં પણ મનાલી-લેહ, અક્ષ, ધુંડી અને બ્યાસ કુંડ વિસ્તારમાં હિમસ્ખલનની ચેતવણી આપી છે.

## જોશીમઠમાં મકાનોમાં તિરાડો બાદ હવે જમીનમાં તિરાડો પડી રહી છે

જોશીમઠ,તા.૩૦

જોશીમઠમાં જમીન ધસી પડવાની ઘટના અટકવાનું નામ લઈ રહી છે પહેલા નગરમાં ભારે જમીન ધસી પડી અને ત્યારબાદ મારવાડી પુલની પાસે માર્ગ ધસવા સહિત અલકનંદા નદીના કટાવની સાથે જમીન ધસવાને કારણે લોકોની ઉંઘ હરામ થઇ ગઇ છે.આ સાથે જ રવિગ્રામ વોર્ડમાં બનેલ ઉંડા ખાડાએ લોકોની મુશ્કેલીઓમાં વધારો કર્યો છે.રવિગ્રામ વોર્ડમાં એક મોટો ખાડો પડી ગયો છે જેની ઉંડાઇનું અનુમાન લગાવવું મુશ્કેલ છે. જોશીમઠમાં હાલ તિરાડોવાળા ભવનોની સંખ્યા ૮૬૩ છે તેમાંથી ૧૮૧ ભવન અસુરક્ષિુત ક્ષ્ત્રમાં આવેલ છે.જે પી પરિસર જોશીમઠમાં પાણીના રિસાવ ૫૪૦ એલપીએમથી ઘટી વર્તમાનમાં ૧૭૦ એલપીએમ થઇ ગયું છે.જોશીમઠમાં લોક નિર્માણ વિભાગના નીરીક્ષણ ભવને ધ્વસ્ત કરવામાં આવ્યા છે જ્યારે મલારી ઈન અને માઉટ વ્યુના ધ્વસ્તીકરણનું કાર્ય અંતિમ તબક્કામાં છે. જીલ્લા આપદા પ્રબંધન પ્રાધિકરણ ચમોલીએ જણાવ્યું હતું કે અહીં અત્યાર સુધી ૨૪૮ પરિવારોના ૯૦ સભ્યોને વિવિધ સુરક્ષિત સ્થાનો પર અસ્થાયી રીતે વિસ્થાપિત કરવામાં આવ્યા છે જ્યારે ૪૧ પરિવારોના ૭૧ સભ્ય પોતાના સંબંધીને ત્યાં અથવા ભાડાના મકાનો પર રહેવા ચાલ્યા ગયા છે.જીલ્લા પ્રશાસને જોશીમઠ ક્ષેત્રના અંતર્ગત નિવાસ કરવાને યોગ્ય અસ્થાયી રાહત શિબિરોના રૂપમાં ૯૧ સ્થાનોમાં ૬૬૧ કક્ષાને પસંદ કરી લેવામાં આવી છે.જેમાં ૨૯૫૭ વ્યક્તિઓને રાખી શકાય છે.

## વિક્રમ સિંહ મજીઠિયાની જામીનને પંજાબ સરકારે સુપ્રીમમાં પડકાર આપ્યો

ચંડીગઢ,તા.૩૧

વિક્રમ સિંહ મજીઠિયાને પંજાબ હાઈકોર્ટથી એનડીપીએસ એક્ટ હેઠળ મળેલ જામીનને પંજાબ સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર આપ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં આ મામલાની સુનાવણી કરનાર ન્યાયમૂર્તિ સૂર્યકાંતે ખુદને સુનાવણીથી અલગ કરી લીધા છે.સુપ્રીમ કોર્ટે મામલાની ચીફ જસ્ટિસ સીજેઆઇની પાસે મોકલ્યો છે જે આ મામલામાં નવી બેંચની રચના કરશે.

એ યાદ રહે કે અકાલીદળ નેતા મજીઠિયાની વિરૂધ્ધ ચરણજીત સિંહ ચન્નીના કાર્યકાળમાં ગત વર્ષ ૨૦ ડિસેમ્બરે એનડીપીએસ એક્ટમાં મોહાલીમાં એફઆઈઆર દાખલ કરવામાં આવી હતી ત્યારબાદ સુપ્રીમ કોર્ટે ચુંટણી લડવા સુધી મજીઠિયાની ધરપકડ પર રોક લગાવી તેમને મોટી રાહત આપી હતી.

ગત વર્ષ ૨૪ ફેબ્રુઆરીએ મતદાન બાદ વિક્રમ સિંહ મજીઠિયાએ મોહાલીની અદાલતમાં આત્મસમર્પણ કર્યું હતું ત્યારબાદ તેમણે પટિયાલા જેલ મોકલી દેવામાં આવ્યા હતાં જો કે બાદમાં તેમણે હાઈકોર્ટથી જામીન મળી ગયા હતાં તેની વિરૂધ્ધ પંજાબ સરકારે સુપ્રીમ કોર્ટની શરણ લીધુ છે.

મજીઠિયા શિરોમણિ અકાલી દળ (એસએડી)ના પ્રમુખ સુખબીર સિંહ બાદલના સાળા અને પૂર્વ કેન્દ્રીય મંત્રી હરસિમરત કૌર બાદલના ભાઈ છે.

તેમણે પોતાની જામીન અરજીમાં કહેવામાં આવ્યું હતું કે તેમણે નિશાન બનાવવાની દુર્ભાવનાપૂર્ણ ઈચ્છાથી આ એફઆઈઆર દાખલ કરાવી એસએડી નેતાએ કહ્યું કે પંજાબની ગત કોંગ્રેસ સરકારે પોતાની રાજનીતિક વિરોધીઓથી પ્રતિશોધ લેવા માટે સત્તાનો દુરૂપયોગ કરવામાં કોઈ કસર છોડી નહીં એસએડીએ મજીઠિયાની વિરૂધ્ધ એફઆઈઆર દાખલ કરવાને રાજનીતિક પ્રતિશોધ ગણાવી હતી એ યાદ રહે કે રાજયમાં માદક પદાર્થ રેકેટની તપાસની બાબતમાં ૨૦૧૮માં એક રિપોર્ટ રજુ કર્યો હતો જેના આધાર પર મજીઠિયાની વિરૂધ્ધ એનડીપીએસ અધિનિયમ હેઠળ મામલો દાખલ કરવામાં આવ્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# ડિજિટલ પ્લેટફોર્મ્સ પર સકંજો

*ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને ટ્વિટર જેવાં ડિજિટલ પ્લેટફોર્મ્સ વિરુદ્ધ કરાતી ફરિયાદોના સમાધાન માટે ફરિયાદી અપીલીય સમિતિઓની રચનાનો નિર્ણય સમયની માંગ અને જરૂરિયાત હતી. દુનિયાના અન્ય દેશોની જેમ ભારતમાં ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વિટર વગેરે સોશ્યલ નેટવર્ક સાઈટ્સના યુઝર્સ એટલી ઝડપથી વધ્યા છે કે લગભગ દરેક સ્માર્ટફોન ધરાવનાર તેની સાથે જોડાયેલો હોય છે. આ સંખ્યા કરોડોમાં થવા જાય છે, તેથી એવી કોઈ વ્યવસ્થા બનાવવી જરૂરી જ હતું કે જેનાથી લોકોની ફરિયાદોનું સમાધાન થઈ શકે. જોકે ફરિયાદોના સમાધાનની વ્યવસ્થા ખુદ સોશ્યલ નેટવર્ક સાઈટ્સ ચલાવનાર ઈન્ટરનેટ મીડિયા કંપનીઓ તરફથી જ કરવામાં આવી હોત તો સારું થાત, પરંતુ તેમણે તેનો દેખાડો જ કર્યે રાખ્યો અથવા તો તેમણે અધકચરી અને અવિશ્વસનીય વ્યવસ્થા બનાવી. એટલું જ નહીં, કેટલીય વાર તો આ કંપનીઓએ સંવેદનશીલ બાબતોમાં સરકારના આદેશ-નિર્દેશની અગણના પણ કરી. ધ્યાન રહે કે કૃષિ કાયદા વિરોધી આંદોલન સમયે આ કંપનીઓ કઈ રીતે માહોલ ખરાબ કરનારા વિમર્શ ઊભો કરવાનું કામ કરી રહી હતી. આ કંપનીઓ પોતાની મરજીનો વિમર્શ ઘડવા અને તેને પ્રોત્સાહિત કરવાનું માત્ર કામ નથી કરતી, સાથે કેટલીય વાર તે ફેક ન્યૂઝને પણ પ્રોત્સાહન આપે છે. એ જ રીતે તે કેટલીય વખત એવા વિમર્શને પ્રોત્સાહન આપે છે, જે સમાજમાં ભ્રાંતિ અને ટકરાવ પેદા કરનાર હોય છે. આ સ્થિતિમાં તેમને જવાબદારીના દાયરામાં લાવવી જરૂરી હતું. તેની જરૂરિયાત એટલે વધી ગઈ હતી, કારણકે સોશ્યલ નેટવર્ક સાઈટ્સ રાજકીય અને સામાજિક વિમર્શને પ્રભાવિત કરવાનું કામ કરે છે. એ બાબત ભૂલી ન શકાય કે કેટલાંક પ્લેટફોર્મ કઈ રીતે ચૂંટણીઓને પ્રભાવિત કરવાનું કામ કરતાં રહે છે.*

*અભિવ્યક્તિની સ્વતંત્રતાનું પોતાનું મહત્ત્વ છે અને એ સચ્ચાઈ છે કે સોશ્યલ નેટવર્ક સાઈટ્સ આ સ્વતંત્રતાનું સુગમ માધ્યમ બની ગઈ છે, પરંતુ તેનો દુરુપયોગ કોઈપણ સમાજ અને દેશમાં અશાંતિ અને વૈમનસ્યનું કારણ ન બનવા પામે, એ જોવું સરકારોની જવાબદારી છે. એ એક તથ્ય છે કે સોશ્યલ નેટવર્ક સાઈટ્સે વિશ્વના કેટલાય દેશોની સરકારો સામે સમસ્યાઓ પેદા કરી છે અને પછી એમ કહીને હાથ ઊંચા કરી દે છે કે તેઓ અભિવ્યક્તિની આઝાદીને સંરક્ષિત કરી રહી છે. સારું થયું કે મોડે મોડે પણ સરકારે સોશ્યલ નેટવર્ક સાઈટ્સ વિરુદ્ધ ફરિયાદ કરવા માટે અપીલીય સમિતિઓની રચના કરવાની સાથે જ એવી વ્યવસ્થા પણ કરી કે તેમણે ૩૦ દિવસની અંદર સમાધાન કરવું પડશે. હવે સરકારે એ સુનિશ્ચિત કરવું પડશે કે આ સમિતિઓ સોશ્યલ નેટવર્ક સાઈટ્સ પર લગામ કસવામાં સક્ષમ રહે. કારણ કે ભૂતકાળમાં તેમણે જવાબદારીના દાયરામાં આવવાથી બચવાનું કામ કર્યું હતું. કોઈ કંપની ભલે ગમે તેટલી મોટી હોય, તેને એવી અનુમતિ ન આપી શકાય કે તે દેશના નિયમ-કાયદા સાથે 'ખેલ' કરી જાય!*

## મને લોલીપોપ નહી, મારો ભાગ જોઈએ, નીતિશ કુમાર પર ભડક્યા ઉપેન્દ્ર કુશવાહા

પટણા,તા.૩૧

ઉપેન્દ્ર કુશવાહાએ કહ્યું કે એમએલસી બન્યા બાદ તેમને લોલીપોપ આપવામાં આવી હતી. તેમને આવી પોસ્ટનો કોઈ લોભ નથી. તેમણે વધુમાં કહ્યું કે, 'મેં કેન્દ્રીય મંત્રી પદ છોડી દીધું હતું. જે રીતે નીતીશજીએ ૧૯૯૪માં લાલુ યાદવ પાસેથી પોતાનો ભાગ માંગ્યો હતો, તેવી જ રીતે મારે પણ ભાગ જોઈએ છે. હું ભાગ લીધા વિના ક્યાંય ખાલી હાથે નથી જવાનો.પ્રેસ કોન્ફરન્સમાં ઉપેન્દ્રએ કહ્યું, 'નીતીશ કુમાર કહે છે કે જેડીયુમાં આવ્યા બાદ મને ઘણું સન્માન આપવામાં આવ્યું હતું. પણ મને પાર્લામેન્ટરી બોર્ડ પ્રેસિડેન્ટનો ખડકલો સોંપવામાં આવ્યો. જ્યારે હું સંસદીય બોર્ડનો અધ્યક્ષ બન્યો ત્યારે જેડીયુના બંધારણમાં કોઈ મહત્વ નહોતું. બાદમાં જેડીયુના બંધારણમાં સુધારો કરવામાં આવ્યો હતો. મને સંસદીય બોર્ડના સભ્ય બનવાનો અધિકાર મળ્યો નથી. સંસદીય બોર્ડ ચૂંટણી માટે ઉમેદવારી અંગે વિચારણા કરે છે. મને પણ આ અધિકાર મળ્યો નથી. ચૂંટણીમાં ઉમેદવારોની પસંદગી બાબતે મારી પાસે કોઈ સૂચન લેવામાં આવ્યું નથી. હું રાષ્ટ્રીય અધ્યક્ષ અને નીતિશજીને પૂછ્યા વગર સલાહ આપતો રહ્યો.

ઉપેન્દ્ર કુશવાહાએ આરોપ લગાવ્યો કે પાર્ટીના નીતિ વિષયક નિર્ણય લેનારી ટીમમાં સૌથી પછાત સમુદાયના કોઈ નેતાનો સમાવેશ કરવામાં આવ્યો નથી. ઉપેન્દ્રએ કહ્યું હતું કે, તેમણે સૌથી પછાત સમાજમાંથી આવતા પક્ષના કોઈપણ નેતાને રાજ્યસભા અથવા વિધાન પરિષદમાં મોકલવાનું સૂચન કર્યું હતું. મુખ્યમંત્રીએ આ સૂચન પર કોઈ ધ્યાન આપ્યું ન હતું. પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષ હોવાના કારણે તેઓ લોકોના હિતોનું રક્ષણ કરી શકતા નથી.

## આમિર ખાન લગ્ન માટે ભોપાલ પહોંચ્યો કાર્તિક સાથે ગાયું ગીત, સચિન પાયલટ સાથે બેઠેલા જોવા મળ્યો

ભોપાલ,તા.૩૧

બોલિવૂડ સુપરસ્ટાર આમિર ખાન ચર્ચાથી દૂર રહેવાનું પસંદ કરે છે પરંતુ કેટલાક ખાસ પ્રસંગોએ દેખાય છે અને પોતાની હાજરીથી સભામાં આકર્ષણ જમાવે છે. હાલમાં જ તે ભોપાલમાં હતો અને અહીં તેણે તેની પૂર્વ પત્ની કિરણ રાવ સાથે લગ્ન પ્રસંગમાં હાજરી આપી હતી. આ દરમિયાનની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે. વીડિયોમાં બોલિવૂડ એક્ટર કાર્તિક આર્યન અને રાજનેતા સચિન પાયલટ પણ જોવા મળી રહ્યા છે.

વીડિયોમાં આમિર ખાન ટ્રેડિશનલ આઉટફિટમાં છે અને હેન્ડસમ લાગી રહ્યો છે. તે ફુલ એન્જોયમેન્ટ મોડમાં છે અને કાર્તિક આર્યન સાથે સ્ટેજ શેર કરતો જોવા મળે છે. એક વીડિયોમાં તે કાર્તિક આર્યન સાથે તેની ફિલ્મ ૩ ઈડિયટ્સના ગીત 'જુબી ડુબી જુબી ડુબી' પર ડાન્સ કરી રહ્યો છે. આ સિવાય એક અન્ય વીડિયો સામે આવ્યો છે જેમાં આમિર ખાન ગાતો જોવા મળી રહ્યો છે. પંજાબી સિંગર જસબીર જસ્સીએ પણ આમિર ખાન સાથેના ફોટા સોશિયલ મીડિયા પર શેર કર્યા છે.એવા બહુ ઓછા પ્રસંગો છે જ્યાં આમિર ખાન તેની હાજરીનો અહેસાસ કરાવે છે અને જો તે ઉપરથી ગીત ગાય છે તો તે સોના પર સુહાગ જેવું છે. અત્યાર સુધી તેને ક્યારેય ગાતા સાંભળવામાં આવ્યા નથી પરંતુ આ વીડિયોમાં તે તેની સુપરહિટ ફિલ્મ રાજા હિન્દુસ્તાનીનું લોકપ્રિય ગીત 'આયે હો મેરી ઝિંદગી મેં' ગાતો જોવા મળી રહ્યો છે. આ ગીતનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.

# દારૂની નીતિ પર સવાલ ઉઠાવતી ઉમા ભારતી હવે મંદિરમાં ધરણા પર બેસી ગયા





ભોપાલસ,તા.૩૧

મધ્યપ્રદેશમાં વિધાનસભા ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટી સરકાર સામે નવો પડકાર ઉભો થયો છે. પડકાર એટલા માટે પણ મુશ્કેલ છે કારણ કે તે વિપક્ષ દ્વારા નહીં પરંતુ તેના પોતાના મજબૂત નેતા અને પૂર્વ સીએમ ઉમા ભારતીએ રજૂ કર્યો છે. દારૂની નીતિ પર સવાલ ઉઠાવતી ઉમા ભારતી હવે મંદિરમાં ધરણા પર બેસી ગઈ છે. ઉમાના વલણને જોતા શિવરાજ સરકારે કેબિનેટની બેઠક અને એક્સાઈઝ પોલિસીની જાહેરાત મુલતવી રાખવી પડી હતી.મંગળવારે સરકારની કેબિનેટ બેઠકની દરખાસ્ત કરવામાં આવી હતી, જેમાં ૨૦૨૩-૨૪ માટે નવી આબકારી નીતિની જાહેરાત શક્ય હતી.મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે મંગળવારે વહીવટી અધિકારીઓની બેઠક બોલાવી છે. સરકારે કહ્યું છે કે આ કારણોસર મંગળવારે કેબિનેટની બેઠક યોજાશે નહીં. હાલમાં કેબિનેટની બેઠક ૨ અને ૬ ફેબ્રુઆરીના રોજ પ્રસ્તાવિત છે. જો કે, સૂત્રોનું કહેવું છે કે તેને આગળ પણ મુલતવી રાખવામાં આવી શકે છે. વાસ્તવમાં, શનિવારે ઉમા ભારતી અયોધ્યા શહેરના પંચમુખી હનુમાન મંદિર પહોંચી હતી અને જાહેરાત કરી હતી કે જ્યાં સુધી સરકાર એક્સાઈઝ પોલિસી જાહેર નહીં કરે ત્યાં સુધી તેઓ ત્રણ દિવસ અહીં જ બેસી રહેશે.

ઉમાએ કહ્યું, 'સરકાર ૩૧ જાન્યુઆરીએ નવી દારૂની નીતિ જાહેર કરશે અને ત્યાં સુધી હું અહીં ભગવાન સાથે રહીશ.' ઉમા ભારતીએ તેમના વિરોધ માટે આ મંદિર પસંદ કર્યું કારણ કે તેની સામે બીજી એક દારૂની દુકાન છે. પત્રકારો સાથે વાત કરતા ઉમા ભારતીએ કહ્યું, 'જેનો નાશ કરવો છે તે સામે (દારૂની દુકાન) છે અને જેમાંથી સત્તા લેવી છે તે પાછળ (મંદિર) છે. હું અસ્વસ્થ હોવાથી અહીં આવ્યો છું. તે ભગવાન હનુમાન અને દેવી દુર્ગાનું મંદિર છે, પરંતુ તેની સામે માત્ર ૫૦ મીટરના અંતરે દારૂની દુકાન અને બાર છે.

ઉમા ભારતીએ કહ્યું કે ગાંધી જયંતિ (૨ ઓક્ટોબર)ના રોજ રાજ્ય સરકારે વ્યસન મુક્તિ અભિયાન શરૂ કર્યું હતું, જેમાં તેમણે ભાગ લીધો હતો. નવરાત્રિ દરમિયાન મુખ્યમંત્રીએ કહ્યું હતું કે તેઓ દારૂની નીતિ પર તેમનો અભિપ્રાય લેશે. ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રીએ કહ્યું, ×સરકારે કહ્યું હતું કે તે મહિલાઓની સમસ્યાઓથી વાકેફ છે અને બાર માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાનો પ્રયાસ કરશે.

દારૂની નીતિની જાહેરાતને મોકૂફ રાખવાનું સ્વાગત કરતા ઉમા ભારતીએ ટ્વીટ કર્યું, '૨૧ જાન્યુઆરીએ શિવરાજજી સાથેની મારી મુલાકાતમાં શિવરાજજીએ પોતે મને કહ્યું હતું કે તેઓ ૩૧ જાન્યુઆરીએ નવી દારૂ નીતિની જાહેરાત કરશે કારણ કે આ નિયમ છે. આજે ૩૧મી જાન્યુઆરી છે, હવે ભાગ્યે જ કેબિનેટ છે અને દારૂની નીતિ જાહેર કરવામાં આવી છે, જો જનહિત, મહિલાઓની સુરક્ષા, યુવાનોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને આ તારીખ લંબાવવામાં આવે તો તે આવકારદાયક છે. પરંતુ જ્યાં સુધી નીતિ સામે નહીં આવે ત્યાં સુધી હું ચિંતિત રહીશ કારણ કે મધ્યપ્રદેશમાં ડર, અસુરક્ષા, બીમારીઓનું મુખ્ય કારણ દારૂ બની રહ્યું છે. હું એક સારા સમાચારની રાહ જોઈ રહ્યો છું.અગાઉ ઉમા ભારતીએ સોમવારે કહ્યું હતું કે અયોધ્યા બાયપાસ પર તેમના ત્રણ દિવસના રોકાણને ધરણા ન કહેવાય. તેમણે કહ્યું હતું કે અવિશ્વાસ અને આશંકાનું કોઈ કારણ નથી. તેણે વધુમાં કહ્યું કે, 'મધ્યપ્રદેશમાં દારૂની નીતિમાં ફેરફાર કરવાની મારી સૈદ્ધાંતિક વિનંતીથી મને આત્મસંતોષ સિવાય વ્યક્તિગત રીતે કોઈ ફાયદો થઈ શકે નહીં. રાષ્ટ્રીય અધ્યક્ષ પદ સિવાય મેં ભાજપના સંગઠનમાં તમામ મહત્વના પદો સંભાળ્યા છે. તે અટલજીની સરકારમાં ૬ વર્ષ અને મોદી સરકારમાં ૫ વર્ષ સુધી કેબિનેટ મંત્રી રહી હતી. ૬ વખત સાંસદ અને ૨ વખત ધારાસભ્ય. ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ બંને રાજ્યોમાં ભાજપે મારા નેતૃત્વમાં ચૂંટણીઓ કરાવી અને તેમાં જીત મેળવી.

તેણે આગળ લખ્યું કે, 'હું પોતે મધ્યપ્રદેશમાં મુખ્યમંત્રી બન્યો અને તિરંગા માટે જાતે જ છોડી દીધું. હું પોતે ખૂબ જ ચિંતિત અને સજાગ છું કે મારા રોકાવાથી અમારી પાર્ટી અને અમારી સરકારને સહેજ પણ નુકસાન ન થાય. હું, શિવરાજ જી અને વીડી શર્માજી દારૂ વિશે મેં જે કહ્યું છે તેના પર સહમત છીએ. તેથી કોઈ સંઘર્ષ નથી. નવી દારૂની નીતિ આવવા દો, બધું સ્પષ્ટ થઈ જશે.

# સંબંધોની સાચવણી




*એકવાર કોઈ પુસ્તકમાં મેં વાંચેલી પંક્તિ આજે યાદ આવી ગઈ."તમારાં જીવનની ગુણવત્તા એ ખરેખર તમારાં સંબંધોની ગુણવત્તા કેવી છે એનાં ઉપર આધાર રાખે છે."*

*સમાજમાં આપણે એકલાં નથી. કોઈને કોઈની સાથે આપણે જોડાયેલાં છીએ. આપણા કુટુંબીઓ,સ્વજનો અને બીજાં લોકો સાથે આપણા સંબંધ હોવાનાં . સંબંધીઓ સાથે જન્મજાત સંબંધ હોય છે તો બીજાં લોકો સાથે સંબંધો કેળવવા પડે છે. આપણે એકલાં રહી શકતાં નથી. એવું પણ ના હોવું જોઈએ. બીજાં લોકો સાથે જેટલાં સારાં સંબંધ કેળવી શકીએ એટલું આપણું જીવન અર્થપૂર્ણ બને છે. તમને તમારાં ભાઈબહેનો સાથે ન બનતું હોય, પાડોશી સાથે ન બનતું હોય, સંબંધીઓ સાથે તમારે ઝઘડા થતાં હોય તો એનો અર્થ એ છે કે મુશ્કેલી તમારાં સ્વભાવમાં કે તમારાં વર્તનમાં છે. બીજાંને દોષ દેવાને બદલે તમારી જાતને સુધારો.*

*પ્રેમ મેળવવા માટે પ્રેમ આપવો પડે. બીજાં આપણને પસંદ કરશે કે નહીં એની ચિંતા કરવાને બદલે આપણો વ્યવહાર એવો હોવો જોઈએ કે સામેવાળાના હૃદયમાં આપણાં માટે લાગણી જન્મે. બળજબરીથી કોઈને તમારાં બનાવી નહીં શકાય. હા, જો તમે થોડાં પણ નમવા માટે તૈયાર હો તો સામેની વ્યક્તિ જરૂર નમશે. અહંકારને ઓગાળવાની જરૂર હોય છે. બીજાં લોકો જેવો વ્યવહાર આપણી સાથે કરે એવો જ વ્યવહાર આપણે એમની સાથે કરીએ એ સંકુચિત માનસ છે.*

*એક કવિએ કહ્યું છે એમ ખુદને ખરાબ કહેવાની હિમ્મત નથી રહી તેથી લોકો કહે છે જમાનો ખરાબ છે.*

*આપણે પોતાને ખરાબ માનતાં જ નથી એટલે જમાનાને ખરાબ કહીને છૂટાં થઈ જઈએ છીએ. જગત પડઘા અને પ્રતિબિંબોની હારમાળા છે. પહેલાંના મનમાં જો કંટાળો અને ધિક્કાર ભરેલો હશે તો એને બધે જ કંટાળો આવવાનો અને ધિક્કાર જ મળવાનો. જેના અંતરમાં પ્રેમ ભરેલો છે એને સર્વત્ર પ્રેમના દર્શન થવાનાં. આ સાવ સાદા નિયમના આધારે દુનિયા ચાલે છે. એમ છતાંય આજે સંબંધીઓથી સંબંધ વિચ્છેદ કરવાનાં ઘણાં કિસ્સા આપણે જોઈએ છીએ.નાની નાની બાબતોમાં લોકો રીસાઈ જાય છે . ફલાણા પ્રસંગમાં અમને બોલાવ્યાં નહીં અને જો બોલાવ્યા હોય તો અમને મહત્ત્વ આપ્યું નહીં. આવી બાબતોને લઈ લોકો સંબંધો તોડી નાખે છે.*

*જે લોકો સંબંધીઓ તો ઠીક, પોતાના સગાં ભાઈ-બહેન અને માતાપિતા સાથે દુર્વ્યવહાર કરે છે એમના વિશેશું કહેવું?*

*સંબંધો બનાવી રાખવા એ મેનેજમેન્ટનો સૌથી મોટો નિયમ છે.સારા સંબંધો સફળતા માટે પાયારૂપ છે. લોકો સાથે આપણે કેવો વ્યવહાર કરીએ છીએ એનાંથી આપણી સફળતા કે નિષ્ફળતાનો સંબંધ છે. જો તમે ભરોસાપાત્ર હશો તો બીજાં પણ એવાં જ દેખાશે. તમે જેવાં હોવ છો એવાં બીજાં લોકો તમને દેખાય છે.તેથી તમે તમારી જાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરો. લોકો આપણાં શબ્દો કરતાં અભિગમ પર વધારે ધ્યાન આપે છે. એટલે અભિગમ હંમેશા સકારાત્મક રાખવો. બીજાં પાસેથી મેળવવું સરળ છે, બીજાંને આપવું બહુ મુશ્કેલ છે. તમારો વિકાસ કરવો હોય તો તમારાં કમ્ફર્ટ ઝોનમાંથી બહાર નીકળો.*

*કશુંક કરો-કશુંક શીખો . શીખવાની પ્રક્રિયા શરૂ થાય છે સાંભળવાથી, એટલે બીજાંની વાતો ધ્યાનથી સાંભળો.સંબંધો વિશ્વાસના પાયા ઉપર રચાય છે અને વિશ્વાસ કેળવાય છે નિષ્ઠાથી. બીજાં પાસેથી વિશ્વાસ અને પ્રમાણિકતાની અપેક્ષા હોય તો સૌથી પહેલાં આપણે પ્રમાણિક અને વિશ્વાસુ બનવું જોઈએ. ક્યારેક એવી પરિસ્થિતિ આવી જાય કે સંપત્તિ, આપણો હોદ્દો અને ભૌતિક વસ્તુ એક તરફ , બીજી તરફ સંબંધ,એમાંથી પસંદગી કરવાની આવે તો સંબંધ બચાવવાનો પ્રયત્ન કરજો. સંબંધોમાં જેટલું રોકાણ કરશો એટલું જ એનું રિટર્ન સારું મળશે.*

*★દીપિકા ચાવડા તાપસી★(ભાવનગર )*

# રિયલ ટર્મ જીડીપી ગ્રોથનું અનુમાન ૬.૫ ટકા સુધી શક્ય, ૩ વર્ષમાં સૌથી ધીમો




નવીદિલ્હી,તા.૩૧

૨૦૨૨-૨૦૨૩ના નાણાકીય વર્ષ માટેના આર્થિક સર્વેમાં આગામી ૨૦૨૩-૨૦૨૪ નાણાકીય વર્ષ માટે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્શન (જીડીપી) ૬ થી ૬.૮ ટકાની રેન્જમાં રહેવાની શક્યતા છે, તેમ સૂત્રોએ મંગળવારે સીએનબીસી-ટીવી૧૮ ને વિશિષ્ટ રીતે જણાવ્યું હતું.

આર્થિક સર્વે, જે દર વર્ષે કેન્દ્રીય બજેટની રજૂઆત પહેલા રજૂ કરવામાં આવે છે, તેમાં એફવાયર૪ નો નોમિનલ જીડીપી ગ્રોથ ૧૧ ટકાનો અંદાજ આપે તેવી શક્યતા છે જ્યારે વાસ્તવિક વૃદ્ધિ ૬.૫ ટકા જોવા મળી શકે છે, એમ તેઓએ જણાવ્યું હતું.સૂત્રોએ ઉમેર્યું હતું કે વર્તમાન નાણાકીય વર્ષમાં અર્થવ્યવસ્થાની સ્થિતિ પર પ્રકાશ પાડતો સરકારી સર્વે નાણાકીય વર્ષ ૨૪ વૃદ્ધિની આગાહી માટે વૈશ્વિક આર્થિક સ્થિતિને મુખ્ય જોખમ પરિબળ તરીકે દર્શાવે છે. વૃદ્ધિ માટે જવાબદાર મુખ્ય પરિબળોમાં ખાનગી વપરાશ, ઉચ્ચ મૂડીરોકાણ અને રસીકરણ હશે, એમ તેઓએ જણાવ્યું હતું.આર્થિક સર્વે ૨૦૨૧-૨૨માં ભારતનો વિકાસ દર ૮-૮.૫ ટકા રહેવાનો અંદાજ હતો. આ ધારણાઓના સમૂહ પર આધારિત હતું, જેમ કે મધ્યસ્થ બેંકો દ્વારા વ્યવસ્થિત રીતે તરલતા પાછી ખેંચવી, તેલના ભાવ ૭૦-૭૫ પ્રતિ બેરલ અને વૈશ્વિક પુરવઠા શૃંખલામાં વિક્ષેપોને હળવો કરવો વગેરે.એક વર્ષ પછી, અને ખાસ કરીને યુક્રેન યુદ્ધ પછી, ભારતના ગ્રોથ અનુમાનમાં ૧-૧.૫ ટકાનો સુધારો થયો છે. આર્થિક સર્વેક્ષણ ૨૦૨૧-૨૨ના અંદાજમાં હજુ પણ એક મહત્ત્વનું તત્વ ફુગાવાનો અંદાજ છે. ખાસ કરીને ઉર્જાના ઊંચા ભાવને કારણે, આર્થિક સર્વે ૨૦૨૧-૨૨એ ભારતને વૈશ્વિક ફુગાવામાં સંભવિત ઉછાળાથી સાવચેત રહેવા ચેતવણી આપી છે.

દરમિયાન, સૂત્રોએ જણાવ્યું હતું કે કોવિડ-૧૯ રોગચાળા પછી ચીનમાં બજારો ફરી ખૂલવાની અસર ભારતમાં ન તો નોંધપાત્ર રહી છે અને ન તો સતત રહી છે. ઉપરાંત, નાણાંકીય ચુસ્તતામાં ઘટાડો થતાં મૂડી પ્રવાહ પાછો ફરવાની શક્યતા છે.

ઈકોનોમિક સર્વે એ સરકાર દ્વારા પાછલા વર્ષમાં અર્થતંત્રની કામગીરીની સમીક્ષા છે. મુખ્ય આર્થિક સલાહકાર વી. અનંત નાગેશ્વરન દ્વારા કરવામાં આવેલ સર્વે નાણાપ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા મંગળવારે સંસદમાં રજૂ કરવામાં આવશે, તેણી ૨૦૨૩-૨૦૨૪ ના નાણાકીય વર્ષ માટેનું બજેટ રજૂ કરે તેના એક દિવસ પહેલા આ સર્વે રજૂ કરશે. બાદમાં મુખ્ય આર્થિક સલાહકાર નાણા મંત્રાલયના અન્ય વરિષ્ઠ અધિકારીઓ સાથે પ્રેસ કોન્ફરન્સ કરશે.દેશનો પહેલો આર્થિક સર્વે ૧૯૫૦-૫૧માં કરવામાં આવ્યો હતો. ૧૯૬૦ ના દાયકામાં, તેને બજેટ દસ્તાવેજોથી અલગ કરવામાં આવ્યો હતો અને કેન્દ્રીય બજેટના એક દિવસ પહેલા રજૂ કરવાનું શરું કરવામાં આવ્યું હતું.

## હવે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ પણ પાકિસ્તાન પર અનેક શરતો વધુ લગાવે તેવી સંભાવના

ઈસ્લામાબાદ,તા.૩૧

કંગાળ પાકિસ્તાન બે ટંકના ભોજન માટે મોહતાજ થઇ ગયું છે.આર્થિક તબાહીથી પાકિસ્તાનમાં ભુખ અને ગરીબી તાંડવ જોવા મળી રહી છે.આ વચ્ચે પાકિસ્તાન માટે એક વધુ ખરાબ સમાચાર આવી રહ્યાં છે ત્યારબાદ વર્તમાન સ્થિતિથી બહારલ આવવું પાકિસ્તાન માટે ખુબ મુશ્કેલ બની જશે.આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ (આઇએમએફ)એ પાકિસ્તાન અનેક મોટી શરતો વધુ લગાવી શકાવી શકે છે.તેનાથી પાકિસ્તાનની સ્થિતિ વધુ ખરાબ થઇ શકે છે.

પાકિસ્તાનની ઘટતી વિદેશી મુદ્રા ભંડાર,રાષ્ટ્રવ્યાપી વિજળી કાપ,સરકાર દ્વારા સંચાલિત ખાદ્ય વિતરણ કેન્દ્રો પર નાસભાગ અને દોડધામે તેના રૂપિયો સૌથી નીચે ઉતરી આવ્યો છે.પાકિસ્તાની રૂપિયામાં એક વર્ષની અંદર આવેલ ભારે ઘટાડાએ તેને એવી સ્થિતિમાં પહોંચી દીધો છે જયાંથી તેના માટે આંતરરાષ્ટ્રીય દેવુ ચુકવવું ખુબ મુશ્કેલ થઇ ગયું છે.ગત એક વર્ષો દરમિયાન પાકિસ્તાની રૂપિયામાં લગભગ ૫૦ ટકાનો ભારે ઘટાડો જોવા મળી ગયો છે. આજે એક અમેરિકી ડોલરની કીમત ૨૬૦ પાકિસ્તાની રૂપિયા સુધી પહોંચી ગયો છે.હવે પાકિસ્તાન આઇએમએફથી લોન લેવા માટે નવેસરથી વાર્તા શરૂ કરી શકે છે પરંતુ તેના માટે તેને નવી શરતોનો સામનો કરવો પડી શકે છે આવામાં તેને લોન પાછી આપવામાં ખુબ મુશ્કેલી થઇ શકે છે.

હવે પાકિસ્તાનની સ્થિતિ એ થઇ ગઇ છે જે મોટા રાજનીતિક સંકટને જન્મ આપી શકે છે.ભારત માટે જોખમ ફકત ક્ષેત્રમાં વધતા ચરમપંથની સાથે પાકિસ્તાનમાં અસ્થિરતા જ થશે નહીં પરંતુ અપ્રત્યાશિત કાર્યવાહી પણ થશે તેમાં બહારી દુશ્મન પર ધ્યાન કેન્દ્રીત કરી ઘરેલુ જનતાનું ધ્યાન હટાવવાના પ્રયાસોમાં સામેલ થઇ શકે છે પાકિસ્તાનમાં ભારતના પૂર્વ દુત રહેલ ટીસીએ રાધવન અનુસાર આઇએમએઉ દ્વારા નાણાં જારી કરવા માટે જે શરતોને લાગુ કરવાની સંભાવના છે તે નિશ્ચિત રીતે અલ્પપાલિક મુશ્કેલીઓનું એક મોટુ કારણ બની શકે છે. પાકિસ્તાને સાત બિલિયન ડોલરના આઇએમએફ બેલ આઉટ (સ્વતંત્રતા બાદથી ૨૩માં) પેકેજના વિતરણને ગત નવેમ્બરમાં રોકી દેવામાં આવ્યા હતાં કારણ કે આઇએમએફે માન્યુ હતું કે પાકિસ્તાને અર્થવ્યવસ્થાને યોગ્ય આકાર આપવા માટે રાજકોષીય અને આર્થિક સુધારાની દિશામાં યોગ્ય પગલા ઉઠાવ્યા નથી.

## એક ભ્રષ્ટ્ર અને આયાતિત અયોગ્ય સરકારે પેટ્રોલ ડીઝલના ભાવ વધારી લોકોને કુચડી નાખ્યા છે : ઈમરાન ખાન

ઈસ્લામાબાદ,તા.૩૧

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાને એકવાર ફરી શહબાજ શરીફ સરકાર પર ભારે પ્રહારો કર્યા છે.કંગાળ થઇ રહેલ દેશ અને લોટ અને અનાજ અને વિજળીના ભાવો વચ્ચે સરકારે જે પેટ્રોલની કીમતમાં વધારો જાહેર કર્યો છે તેના પર ઈમરાન ખાને સરકારને કઠેડામાં ઉભી કરી છે.

પેટ્રોલના ભાવ પાકિસ્તાનમાં ૨૫૦ રૂપિયા પ્રતિ લીટર થઇ ગઇ છે.

પાકિસ્તાન તહરીક એ ઇસાફ (પીટીઆઇ)ના અધ્યક્ષ ઈમરાન ખાને પેટ્રોલિયમ ઉત્પાદનોની કીંમતોમાં વધારો અને ડોલરના મુકાબલે પાકિસ્તાની રૂપિયાની ઘટતી કીંમત માટે સરકારની ટીકા કરી છે.એક મીડિયા રિપોર્ટમાં આ માહિતી આપી છે.

એક્સપ્રેસ ટ્રિબ્યુનના રિપોર્ટ અનુસાર પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાને ટ્વીટ કરતા લખ્યું છે કે બળતરની કીમતોમાં તાજેતરમાં વધારો અને રૂપિયાના અવમૂલ્યન એટલે કે ઘટતી વેલ્યુએ જનતા અને પગારદારોને કચડી નાખ્યા છે.

રિપોર્ટ અનુસાર ઈમરાન ખાને કહ્યું કે એક ભ્રષ્ટ્ર અને આયાતિત અયોગ્ય સરકાર દ્વારા આપણી અર્થવ્યવસ્થાના કુપ્રબંધને જનતા અને સર્વિસ સેકટરના લોકોને પેટ્રોલ ડીઝલની કીમતોમાં વધારાએ કચડી નાખ્યા છે.

નાણાં મંત્રી ઈશાક ડારે પેટ્રોલ અને ડીઝલની કીમતોમાં રવિવારે ૩૫ રૂપિયા પ્રતિ લીટરના વધારાની જાહેરાત કરી છે.

તેમણે ટીવી પર રાષ્ટ્રના નામે સંબોધનમાં આ જાહેરાત કરી અને કહ્યું કે કેરોસી અને સામાન્ય ડીઝલની કીમતોમાં પાકિસ્તાને ૧૮ રૂપિયા પ્રતિ લીટરનો વધારો કર્યો છે.

રવિવારના વધારા બાદ પાકિસ્તાનમાં એક લીટર પેટ્રોલ ૨૪૯.૮૦ રૂપિયા,ડીઝલ ૨૬૨.૮૦ રૂપિયા,કેરોસીન ૧૮૯.૮૩ પ્રતિ લીટર અને સામાન્ય ડીઝલ તેલ ૧૮૭ રૂપિયા પ્રતી સીટર થઇ ગયું છે.

ડારે પેટ્રોલિયમની કીમીના અહેવાલોને ફગાવતા કહ્યું કે કૃત્રિમ કમી પેદા કરવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે યોગ્ય બળતર છે અને સામાન્ય પરિસ્થિતિઓમાં આવી કમી થવાનું કોઇ કારણ હશે નહીં

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No :- 0038
વિષય:- કાગળ અને કલમ
વિભાગ :-પદ્ય
શીર્ષક :-ક્યાં છે તારું સરનામું?
તારી રચેલી લીલામાં તને શોધું,
મારી પાસે ક્યાં છે તારું સરનામું?
પત્ર વગર સરનામે તને લખું.
કેટકેટલી ઠોકર વાગે છે અહીં,
દિલની વેદના આંસુથી લખું,
પત્ર વગર સરનામે તને લખું.
પહાડોમાં હું તને ક્યાં શોધું ?
તારી દુનિયા હું ક્યાં જાણું ?
પત્ર વગર સરનામે તને લખું.
કાળજુ કોરા કાગળ જેવું,
સ્નેહના અક્ષરથી તેને ભરુ,
પત્ર વગર સરનામે તને લખું.
કલમ લઈ આભ સામે જોવું,
તારા હોવાનો અહેસાસ કરું,
પત્ર વગર સરનામે તને લખું.
શીલાપટેલ 'આકાંક્ષા'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS NO - 139
વિષય - કાગળ અને કલમ
વિભાગ - પદ્ય
પ્રકાર - કાવ્ય
શબ્દસંખ્યા - ૧૧૨
શીર્ષક - અનોખી જુગલબંધી
બીજ તણું બને વૃક્ષ,
કળી તણી ખીલે ફૂલ!
અક્ષરો કંડારી કલમ તણાં
શબ્દદેહે કાગળ તણો,
સર્જાય પુસ્તક તણું વટવૃક્ષ!
કવિ મન તણી સંવેદના,
કલમ કંડારે કાગળે!
કલ્પનાની પાંખો પ્રસારી,
શબ્દો વિહરે ગગનમાં!
પ્રગટે વિરહવેદના જ્યારે,
કલમ થકી કાગળે!
પત્ર પહોંચાડે પિયુવ્યથા,
મિલનપળો સર્જાય ત્યારે!
સરહદે લડતો વીર જવાન,
પત્ર લખે પરિવાર!
ખુશીઓની લહેર ઉઠે,
આનંદે ઝૂમે સૌ આબાલવૃદ્ધ સમાન!
ચારણ કરે લલકાર,
દરબારે વીરતા તણાં દુહા!
શુરવીરોનાં જોમ જાગે,
ગુંજે વિજયનાદ રણકાર!
જીહ્વા કરતાં તેજતર્રાર,
કલમ તણી શક્તિ અપરંપાર!
જોશ જન્માવે એવું કે,
જાણે તીક્ષ્ણ કટાર ધારદાર!
કાગળ ને કલમની,
જુગલબંધી નોખી!
શબ્દ અમૃત, શબ્દ ઝેર,
દે અનેરો સંદેશ સૌને,
વાપરજે તું મનવા એને જોખી જોખી!
રત્ના જરીવાલા (વિદૂષી)
( મુંબઈ )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG:SS:NO.:0101
વિષય: કાગળ ને કલમ
પ્રકાર: પદ્ય- અછાંદસ
શીર્ષક: સંબંધ
શબ્દો:
નામ: ભરત સાંગાણી
કાગળ કલમની રમત જામી
કાન-ગોપીની રમત જામી
શબ્દ વગાડે વાંસળી
કાગળની વીંધાઈ પાંસળી
શબ્દ સરે ને કાગળ મલકે
કાગળ કલમનો સંબંધ અતૂટ
જો મળે આવો સંબંધ મનવા
તો જીવતર ઉજળે કનકવા
કાગળનો કોરો દેહ, માંહી
શબ્દ સરે ને કાગળ છલકે
કાગળ ભરીને બેઠો છે કંઈક ગાથાઓ
સાચવી છાની છપની વાતો
જો ખુલે તો કાં જીત કાં હાર
કાગળ કલમ વગર મૌન
શબ્દ સરે ને કાગળ ધમકે
શબ્દ સૂર કાગળ વાજિંત્ર
ફેલાઈ કાગળના આંગણામાં
મીઠો ધ્વનિ વહે ગગનમાં
મેનકા નાચે વિશ્વામિત્ર ડોલે
શબ્દ સરે ને કાગળ થરકે
કાગળ કલમ રમ્યા રતિરંગ
ફેલાયો અંગ અંગ અનંગ
ઝાંઝર ઝમકે છનનન
કાગળ તરસ્યો શબ્દનો
શબ્દ સરે ને કાગળ ચમકે
★ભરત સાંગાણી★
30/0૧/૨0૨૩.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

*NOGSS NO-* 0088
★વિષય-★ કાગળ અને કલમ
★પ્રકાર-★ પદ્ય
★શીર્ષક-★ પેપર ફૂટ્યું ને કલમ મ્યાનમાં!
ઊડ પેપર ઉતાવળું ને જા પરીક્ષાર્થીઓની પાસ..
એને કઠોર પરિશ્રમ થકી છે પાસ થવાની આશ!
બન્યું સાવ જ વામણું હું સરેઆમ ફૂટીને વેચાયું
દીધા કોઈકે દોકડા ને હું ધાણીની જેમ ફોડાયું..
કર્યા હશે મોંઘી કલમે વિશ્વસનીયતાનાં હસ્તાક્ષર છતાં!
ક્યાંથી? ને કેમ? ઉડાડ્યા આબરૂનાં ધજાગરા કેવા?
કર્યા હશે! ક્યાંક કેટલાય જુગાડ અફસર બનવાને
વાવી હશે જાગતી આંખો રાતનાં સામિયાણાએ
આપ્યો હશે સધિયારો માબાપને ધૈર્યને ધરવા વિષે
સપનાં થોડાં ખુલ્યાં અધખુલ્યાં એમજ ઓસર્યા હશે
લાખોની કિંમતનો મને સાવ કોડીનો કરી ફોડી વેચ્યો
થયાં ભ્રષ્ટ લીધું આપ્યું બધું ને અંધેર વહીવટ કર્યો
કલમ ધરી હાથે બેઠાંતાં તત્પર અનેકો યુવાહૈયાં
મચી અફડા તફડી રાત આધીએ, વ્યાપી છેક ઉદાસી!
કરો આકરી સજા કે ન કરે ચેડાં ભાવિ પેઢી સાથે..
ન ખરે વ્યવસ્થાપનના કાંગરા આમ અડધી રાતે!
થઈ કાગળનું ફદિયું આજ ઘણું રે હું લજવાયું
ફૂટ્યું કોઈના પાપે, લાખોની મહેનત પર પાણી ફેરવાયું..
યુવા લોહી છો મિત્રો, ધરી શકો આભને મુઠ્ઠીમાં..
ના થતાં નાસીપાસ જે સિક્કા તપે એજ ચાલે બજારમાં!
ડૉ. મનીષા વ્યાસ
અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No. 0034
વિષય : કાગળ અને કલમ
પ્રકાર : ગદ્ય ચ લેખ્
શીર્ષક : પ્રેમપત્ર

કાગળ અને કલમ, બે શરીર એક આત્મા. બંને એકબીજાં વગર સાવ અધૂરાં. બંને એક જ કુળનાં, સાથે ને સાથે રહે. કાગળની અને કલમની શોધ ક્યારે થઈ એ ઈતિહાસ તો આપણે ગૂગલ દેવતા પાસેથી પણ જાણી શકીએ છીએ.

પહેલાંનાં સમયમાં કંઠોપકંઠ સાહિત્ય સચવાયેલું રહેતું. સમય જતાં ધીરે-ધીરે શિલાલેખો, તામ્રપત્રો, વૃક્ષની છાલ ઉપર...એમ અનેક રીતે સાહિત્ય અને સંદેશા સચવાયેલાં રહેતાં. મોરપંખ કે વાંસની કલમ બનાવવામાં આવતી. કાગળનો ઉપયોગ સંદેશા માટે કે માહિતીનાં આદાન-પ્રદાન માટે કે અન્ય ઘણી બધી બાબતો માટે થતો.

પરંતુ, મારે આજે કાગળ અને કલમ વિશે એક અલગ સંદર્ભમાં વાત કરવી છે.

કાગળ અને કલમનો ઉપયોગ જ્યારે પ્રેમપત્ર માટે, હા, લવ લેટર તરીકે થાય ત્યારે રેશમી ટેરવાંનો સ્પર્શ વધુ મખમલી બની જાય છે. અત્તરથી મધમધતો સુગંધી કાગળ જ્યારે પ્રિયજનનાં હાથમાં આવે ત્યારે હૃદયનાં ધબકારા જરૂરથી તેજ થઈ જાય.

ટેલીફોન યુગની શરૂઆતમાં ઘરે ઘરે ફોન નહોતાં, ત્યારે એકબીજાંને કાગળ લખવામાં પણ સંકોચ થતો; એ સમયે ચોરી છૂપીથી પ્રિયતમનો કાગળ વાંચીને પ્રિયતમા લજામણીનાં છોડની જેમ શરમાઈ જતી. એ સુખ પણ કંઈક અનેરું હતું. પિયુ પરદેશ હોય એ સમયે વિરહિણીને એકમાત્ર કાગળ જ સહારો રહેતો.

કાગળની સાથે બોલીવુડ એટલે કે આપણી હિન્દી ફિલ્મોનો નાતો પણ સારો જ રહ્યો. થોડાંક હિન્દી ગીતો ગણગણીએ તો..

- ★ ફુલ તુમ્હેં ભેજા હૈ ખત મેં....
- ★ ચિટ્ઠી આઈ હૈ, આઈ હૈ, ચીઠ્ઠી આઈ હૈ..
- ★ કબુતર જા જા.. (કબુતર નો ઉપયોગ ખાસ સંદેશા માટે થતો.)
- ★ મેંને સનમ કો ખત લિખા...
- ★ કાગજ કલમ દવાત ના....

આ બધા ગીતો કાગળનું એટલે કે પ્રેમપત્રનું મહત્વ એ સમયમાં કેટલું હતું એ દર્શાવે છે.

આપણાં ગુજરાતીમાં પણ ઈન્દુલાલ ગાંધીનો 'આંધળી માનો કાગળ' હૃદયદ્રાવક અને નયનદ્રાવક છે. લગ્નગીતોમાં પણ 'કાગળ આવ્યાં કંથના રે લોલ..' એમ ગવાય ત્યારે પીઠી ચોળેલી કન્યા શરમાઈ જતી.

આજે ટેકનોલોજીનાં યુગમાં આ આહ્લાદક અને મધુર અનુભવથી નવી પેઢી જોજનો દૂર છે. પરંતુ હા, કાગળ અને કલમ વગર પણ આ પેઢી પ્રેમ સંદેશો તો પહોંચાડે જ છે. આજની મોબાઈલની ચેટ કે ટેક્સ્ટ મેસેજ એ આધુનિક કાગળનું અવતરણ જ છે ને! એ વાત અલગ છે કે, એમાં રાહ નથી જોવાની એટલે ઈન્તઝારનો રોમાંચ પણ નથી.

--ડૉ. રેખા શાહ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS No.0034
વિષય..કાગળ અને કલમ
પ્રકાર..ગદ્ય
શીર્ષક..મનની વાત..

એકવખત એવો વિચાર આવ્યો કે મારા મનમાં જે ચાલે છે એ બધું હું કહી દવ બોલી નાખું ભલે પછી જે થવું હોય તે થાય મારે ઘૂંટાઈ ઘૂંટાઈ ને મરવું એના કરતાં આજે કહીજ દવ એમ વિચારી આખી રાત પડખા ફેરવતી રહી સવાર થતા એજ રુટિંગ બાળકો ઘર પરિવાર બધાનો વિચાર આવતા બોલવાનું કહેવાનું માંડી વાળ્યું કારણકે કહેવાથી કદાચ મારા મનનો બોજ હળવો થશે પણ સામે વાળી વ્યક્તિ એનો અર્થ ઊંધો કરશે તો કાયમ માટે મત ભેદ મન ભેદમાં પરિમય જશે,એમ વિચારી એણે એના મનને મનાવી લીધું જે ગુનો નહોતો કર્યો તેની સજા પણ સ્વીકારી લીધી

પોતાના બાળકોના ભવિષ્ય ની સામે જોઈ પોતાના અહંમને ગળી ગઈ ,

જાણે કશુંજ ના થયું એમ કોઈના કહેવાનું મન દુઃખ શુ હોય એ વાતજ મનમાંથી કાઢી હસતો ચહેરો રાખી જીવતી રેવતી આખરે કલમ અને કાગળનો સહારો લઈ પોતાની મનો વ્યથા કાગળમાં ઉતારી હળવી ફૂલ થઈ ગઈ..

નયના પટેલ..નૈન

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

NOG SS N0: 001
પ્રકાર : ગદ્ય
વિષય : કાગળ અને કલમ
શિર્ષક : કલમ
' કલમનું મહત્વ '
વાહ કેવું સુંદર અને એકબીજાનું પૂરક જોડું !

કોઈપણ વ્યક્તિ પોતાની અભિવ્યક્તિ , ભીની લાગણીઓ , સુખ દુઃખ વ્યક્ત કરવા માટે એક સુરક્ષિત સ્થાન શોધે છે એ અદકેરું અને અપ્રતિમ સ્થાન છે કાગળ અને કલમનું . કલમ દ્વારા કાગળ પરનું આલેખન કોઈપણ વ્યક્તિ પોતાનાં ભીતરનાં ભાવને વહેતા મૂકી શકે, આલેખી શકે , એને સમજી શકે અને અનુભવી પણ શકે છે . એનાંથી વ્યક્તિમાં સંવેદના પાંગરે છે . સમજણનો વિકાસ થાય છે . આવું જ આપણાં જીવનરૂપી કાગળનું છે .આ જગતને નીરખવા માટે આપણામાં હકારાત્મકતાની દ્રષ્ટિ આવે તો જાણે શબ્દોથી સંસાર અને સંબંધોનાં તાણાવાણા ગુંથાતા જાય છે અને આપણા કર્મરૂપી કલમનાં શબ્દો જ સૌ કોઈમાં પ્રેમ , આશા , ઉત્સાહ અને હિંમતનો સંચાર કરી દે છે .

જો નાના બાળકનાં હાથમાં કલમ અને કાગળ આપો તો એ કલમથી ગોળ ગોળ આડાઅવળા લીટા તાણીને ખુશ થઈ જશે . તો કોઈ ચિત્રકાર આવી દોરેલી લીટી માંથી પણ સુંદર મજાનું ચિત્ર બનાવી દેશે . તો સાહિત્યકાર એ જોઈને એની ઉપરથી કોઈ વાર્તા , લેખ કે કવિતા રચી નાંખશે.પહેલા જ્યારે કલમની શોધ નહોતી થઈ ત્યારે ઋષિમુનિઓ એક મોરનું પીંછું લઈને એની દાંડીથી વેદો અને ઉપનિષદો લખતા હતા .તો વળી કોઈ પ્રિયતમા પોતાના પ્રિયતમને પત્ર પણ આ મોરપીંછથી જ લખતી હતી . આ પણ એક કલમની જ કમાલ હતી .

આમ કલમ આપણને એક સુંદર વાત સમજાવે છે કે જેમ કલમ ( પેન્સિલ) અણીદાર હોય તો લખવાની વધારે મજા આવે છે. પેન્સિલ છોલાતી જાય છે ટચૂકડી થઈ જાય છે પણ પોતાનું કર્મ નથી ભૂલતી એમજ એ આપણને પણ શીખવે છે કે બીજા માટે સારા કામ કરીને ઘસાવાથી એક નવું કામ કરવાની શક્તિ મળે છે.

આમ કલમ અને કાગળનો સંબંધ પતિ પત્ની જેવો છે એમ કહેવું ખોટું નથી . કેમકે કાગળ અને કલમ પણ પતિ પત્નીની જેમ એકબીજાનાં પૂરક જ છે અને સૌથી મહત્વની વાત તો એ છે કે કાગળ અને કલમની ઉત્પત્તિ તો વૃક્ષમાંથી જ થઈ છે . વૃક્ષ જ એનો જન્મદાતા છે માટે આપણે એ પણ ના ભૂલવું જોઈએ કે વૃક્ષોનું જતન કરીશું તો જ આપણે કાગળ અને કલમથી નવું નવું સર્જન કરીને એનું મૂલ્ય આંકી શકીશું અને પેઢી દર પેઢીના જીવનની રેખા મોટી કરી શકીશું .

સંચાલક : પ્રદીપ રાવલ

# એમસીએક્સ પર ક્રૂડ તેલનો વાયદો રૂ.૧૦૬ લપસ્યોઃ સોના-ચાંદીમાં પણ એકંદરે નરમાઈ

## મેન્થા તેલ સુધર્યુંઃ નેચરલ ગેસ ઢીલુંઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૧૫૮ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૭૬૧૬ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૧૯ કરોડનાં કામકાજ




ડેઈલી માર્કેટ રિપોર્ટ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૯૯,૨૯૭ સોદાઓમાં કુલ રૂ.૧૫,૭૯૨.૮૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮૧૫૮.૦૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૭૬૧૫.૮૫ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૭૩,૬૪૦ સોદાઓમાં કુલ રૂ.૫,૪૦૨.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૮૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૯૭૬ અને નીચામાં રૂ.૫૬,૬૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧ ઘટી રૂ.૫૬,૭૬૧ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧,૨૩૩ ઘટી રૂ.૪૪,૯૯૦ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૨૩ વધી રૂ.૫,૬૯૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૭૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૬૫ ઘટી રૂ.૫૬,૫૮૯ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૮,૬૦૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૬૦૪ અને નીચામાં રૂ.૬૭,૮૫૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬૧૨ ઘટી રૂ.૬૭,૯૭૭ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૩૬ ઘટી રૂ.૬૮,૧૨૬ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૫૦૮ ઘટી રૂ.૬૮,૧૪૧ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૮,૧૮૦ સોદાઓમાં રૂ.૧,૫૦૨.૬૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૨.૧૦ ઘટી રૂ.૨૨૦.૮૦ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૧.૬૫ ઘટી રૂ.૨૯૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૭ ઘટી રૂ.૭૭૪.૪૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૧૮૬ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૫,૮૧૯ સોદાઓમાં કુલ રૂ.૧,૨૪૮.૨૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૩૭૬ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૩૭૬ અને નીચામાં રૂ.૬,૨૯૨ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૧૦૬ ઘટી રૂ.૬,૩૧૨ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૬ ઘટી રૂ.૨૨૦.૬૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯૮ સોદાઓમાં રૂ.૪.૨૧ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૮૦ વધી રૂ.૧૦૧૬.૧૦ થયો હતો.

કામકાજની દ્દષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૫૩૧.૭૫ કરોડનાં ૪,૪૫૦.૩૦૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૮૭૧.૨૪ કરોડનાં ૪૨૦.૩૩૯ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૬૩૧.૪૫ કરોડનાં ૯,૯૬,૮૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૬૧૭ કરોડનાં ૨૭૫૩૭૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૪.૨૧ કરોડનાં ૪૧.૪ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૪,૧૧૩.૧૩૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૧૯.૬૧૧ ટન, ક્રૂડ તેલમાં ૮૧૮૬૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૫૫૩૬૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૩૫.૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૧૮.૯૭ કરોડનાં ૨૪૩ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૫,૬૬૬ના સ્તરે ખૂલી, ૯૩ પોઈન્ટ ઘટી ૧૫,૫૭૫ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૭,૬૧૫.૮૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૭૮.૩૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬૬.૦૮ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫,૭૦૭.૬૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૬૩.૬૨ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૦૧.૦૫ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૩૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૩૮ અને નીચામાં રૂ.૧૮૮ રહી, અંતે રૂ.૫૪.૯૦ ઘટી રૂ.૧૯૬.૩૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧૧.૯૫ અને નીચામાં રૂ.૯.૬૫ રહી, અંતે રૂ.૧.૨૫ ઘટી રૂ.૯.૯૦ થયો હતો. સોનું માર્ચ રૂ.૫૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૮૨૩.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૮૨૪.૫૦ અને નીચામાં રૂ.૬૯૪.૫૦ રહી, અંતે રૂ.૧૨૭ ઘટી રૂ.૭૧૧.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૦૭૪.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૧,૦૭૪.૫૦ અને નીચામાં રૂ.૮૨૫ રહી, અંતે રૂ.૨૧૨.૫૦ ઘટી રૂ.૮૬૨ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૭૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૧૫ અને નીચામાં રૂ.૫૩૦ રહી, અંતે રૂ.૩૭ ઘટી રૂ.૫૮૦.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ ફેબ્રુઆરી રૂ.૬,૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૭.૮૦ અને નીચામાં રૂ.૨૦૫ રહી, અંતે રૂ.૪૩.૨૦ વધી રૂ.૨૩૦.૫૦ થયો હતો. જ્યારે સોનું માર્ચ રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧૮ ખૂલી, ઊપરમાં રૂ.૪૫૦ અને નીચામાં રૂ.૩૦૯ રહી, અંતે રૂ.૧૧૮.૫૦ વધી રૂ.૪૩૨.૫૦ થયો હતો. નેચરલ ગેસ ફેબ્રુઆરી રૂ.૨૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૭.૮૫ ખૂલી, ઊપરમાં રૂ.૧૯.૬૫ અને નીચામાં રૂ.૧૬.૩૦ રહી, અંતે રૂ.૨.૭૫ વધી રૂ.૧૯.૧૦ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૮૦ અને નીચામાં રૂ.૨૫૫ રહી, અંતે રૂ.૮૮ વધી રૂ.૩૭૬ થયો હતો.

### એકસાથે ૨૦ વૈજ્ઞાનિકો નું પહેલીવાર સન્માન

# અમદાવાદની ધરતી પર એક સાથે ૨૦ તારાઓનું જૂથ જોવા મળ્યું. તારે જમીન પર

### ૨૨મી જાન્યુઆરીએ અમદાવાદમાં એક વિરલ ઘટના બની ગઈ




ધર્મજાગૃતિ કેન્દ્ર ના ઉપક્રમે આજે સવારે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિયેશન ખાતે આવેલ એચ.ટી.પારેખ હોલમાં શાસન સમ્રાટ સમુદાયના જૈનાચાર્ય પરમ પૂજ્ય શ્રી નંદીઘોષ સુરી મહારાજ સાહેબ ની શુભનિશ્રા માં અને વિશ્વના જાણીતા વૈજ્ઞાનિક ડૉ.પંકજભાઈ જોશી ના મુખ્ય મહેમાન પદે તથા શેઠ હઠીસિંગ કેસરીસિંહ ટ્રસ્ટના ટ્રસ્ટી ગૌરવભાઈ શેઠના અતિથિ વિશેષ પદે સૌ પ્રથમવાર એક સાથે વીસ વૈજ્ઞાનિકોનું સન્માન. આ કાર્યક્રમની સંપૂર્ણ જવાબદારી ધર્મ જાગૃતિ કેન્દ્રએ મને સોંપી હતી. તેઓનું લિસ્ટ નીચે પ્રમાણે હતું.

ડૉ. પંકજભાઈ જોશી, ડૉ.રાજમલ જૈન , ડૉ. નરેન્દ્રભાઈ ભંડારી ,ડૉ.પ્રભુદાસ ઠક્કર,ડૉ.સુરેન્દ્રસિંહ પોખરાણા, ડૉ.સુધીર શાહ , ડૉ.જે જે રાવલ, ડૉ.વિઠ્ઠલભાઈ પટેલ ,ડૉ.પદ્મનાથ જોશી ,ડૉ.સુશ્રુત પટેલ ,ડૉ.દિલીપ ભટ્ટ , શ્રી ધનંજયભાઈ રાવલ, ડૉ.કિશોર પંડ્યા , ડૉ.સુરીલ શાહ ,

ડૉ.સંજય પંડ્યા ,ડૉ.દર્શન વ્યાસ , ડૉ.મનીષ ગુપ્તા , ડૉ.મેઘા ભટ્ટ,અને ડૉ.સી.એમ.નાગરાની.

આટલા બધા વૈજ્ઞાનિકોને એક જ તારીખે એક જ જગ્યાએ ભેગા કરવા અઘરા હતા. પરંતુ મારા પ્રત્યે એ સૌનો વિશ્વાસ અને તેમની સરળતાને કારણે મારા એક ફોન કોલ થી આ કાર્યક્રમમાં હાજર રહેવાની સંમતિ આપી.

કાર્યક્રમનો હેતુ વિજ્ઞાનીઓનો સન્માન કરવાનું તો હતો. પરંતુ સાથે સાથે આટલા બધા વૈજ્ઞાનિકો એકબીજાને મળી શકે, એકબીજાની નવી નવી ઉપલબ્ધીઓ જણાવી શકે, તેમ જ કાર્યક્રમમાં હાજરી આપનાર વિજ્ઞાનમાં રસ ધરાવનાર લોકો પણ આ બધા જ વૈજ્ઞાનિકોને સરળતાથી મળી શકે, વાતચીત કરી શકે, ફોટોગ્રાફ લઈ શકે, ઓટોગ્રાફ લઈ શકે,સેલ્ફી લઈ શકે તેવો હેતુ હતો. એટલા માટે અમે કાર્યક્રમની શરૂઆત પહેલા સવારે ટી પાર્ટીનું આયોજન કર્યું. આ કાર્યક્રમમાં સૌએ ઉલ્લાસભેર ભાગ લીધો. ત્યારબાદ બરાબર દસ વાગે કાર્યક્રમની શરૂઆત થઈ. જૈનાચાર્ય પરમ પૂજ્ય શ્રી નંદીઘોષ સુરી મહારાજ સાહેબનું મંગલાચરણ પછી પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું. ત્યાર બાદ તેમણે ધર્મ અને વિજ્ઞાન તેમજ ધર્મનું ખરો અર્થ સમજાવ્યો. તેમણે ડોક્ટર પી.સી. વૈદ્ય, ડો. જયંત નાર્લિકર ડોક્ટર, એ.પી.જે. અબ્દુલ કલામ, ડો. જે જે રાવલ અને ડો. પંકજ જોશી વિશે ઘણી બધી વાતો કરી.

ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય વક્તા ડોક્ટર પંકજ જોશી એ પ્રસંગિક પ્રવચન આપ્યું. તેમણે ભારતમાં ઉચ્ચ અભ્યાસ અને રિસર્ચ વર્કનું યોગ્ય વાતાવરણ નહીં હોવાની ચિંતા વ્યક્ત કરી. તેઓ ભારતમાં રહીને જ વિદ્યાર્થીઓ ખગોળશાસ્ત્રમાં આગળ કઈ રીતે વધે તેના ઉપર પ્રકાશ પાડ્યો. આ કામમાં તેઓ કઈ રીતે મદદ કરી શકે તેની વાત પણ જણાવી.

ત્યારબાદ વૈજ્ઞાનિકોના સન્માનનો કાર્યક્રમ શરૂ થયો. આ કાર્યક્રમનું સંચાલન મારા હાથમાં હતું એટલે દરેક વૈજ્ઞાનિકના સન્માન વખતે તેમની સાથે બનેલી વિચિત્ર ઘટના અથવા તેમની ઉપલબ્ધિઓના મહત્વના મુદ્દા ભાગ લેનાર સૌને જણાવ્યા. જે નીચે પ્રમાણે છે.

૧. અહીં એવા વૈજ્ઞાનિકો બેઠા છે કે જેમને પાગલ સમજીને મેન્ટલ હોસ્પિટલ ભેગા કરી દીધા હોય.

૨. અહીં એવા ગણિતશાસ્ત્રી બેઠા છે કે જેમણે સમગ્ર જીવન વિદેશોમાં કાર્ય કર્યું હોય અને નિવૃત્તિ પછી પોતાના ગામમાં જાજરૂ બાથરૂમ સાફ કરીને ગામના ગાંધીજી તરીકે ઓળખાયા હોય.

૩. અહીં એવા વૈજ્ઞાનિકો બેઠા છે કે જેઓ ભારતની સંસ્કૃતિ, ધર્મ અને અહિંસાનો સંદેશો સમગ્ર દુનિયામાં ફેલાવ્યો હોય. છેક યુનો સુધી.

૪. અહીં એવા વૈજ્ઞાનિકો બેઠા છે કે જેઓ કામ અર્થે કોઈના ઘરે રોકાયા હોય ત્યારે જેમ તેમ સમય બગાડ્યા વગર તેમના બાળકોને કવોન્ટમ ફિઝિક્સ અને અંગ્રેજી શીખવાડવા બેસી જતા હોય.

૫. અહીં એવા વૈજ્ઞાનિકો બેઠા છે કે જેમણે જગવિખ્યાત સ્ટીફન હોકિન્સની થિયરીના ચેલેન્જ આપી હોય. તેઓ દુનિયાના ગણ્યા ગાંઠિયા વૈજ્ઞાનિકોમાંના એક હોય.

૬. અહીં એવા વૈજ્ઞાનિકો બેઠા હોય કે જેમણે તેમને તૈયાર કરેલા ઉપગ્રહ દ્વારા સૌ પ્રથમ વખત સૌર કોરાનામાં આર્યન અને નિકલ શોધી કાઢ્યા હોય.

૭. અહીં એવા વૈજ્ઞાનિકો બેઠા છે કે જેમણે શનિ અને યુરોનસ ની બહારના વલયો, નેપ્ચ્યુન ની રીંગ, ગુરુ ગ્રહના નવા ઉપગ્રહોની આગાહી કરી હોય અને વર્ષો પછી નાસાએ તેનું સમર્થન કર્યું હોય.

૮. અહીં એવા વૈજ્ઞાનિકો પણ બેઠા છે કે જેઓ પોતાની યુવાનીમાં મોજશોખ કરવાને બદલે વિદ્યાર્થીઓને વિજ્ઞાનના શિક્ષણમાં રચ્યા પર્ચા રહેતા હોય.

કાર્યક્રમને અંતે ભવ્ય ભોજન સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ભાગ લેનાર દરેક વ્યક્તિઓ વિજ્ઞાનના વિચારોની આપ લે કરતા જોવા મળ્યા, દરેક વૈજ્ઞાનિકોના મુખેથી એક જ વાત હતી કે આટલા બધા વૈજ્ઞાનિકો કોઈ કોન્ફરન્સમાં પણ ભેગા થતા નથી જે આજના કાર્યક્રમમાં ભેગા થયા છે. કાર્યક્રમમાં ભાગ લેવા માટે મેં એક ફેસબુક પોસ્ટ મૂકી હતી.ત્યારબાદ ઘણા બધા વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ અને વિજ્ઞાન પ્રેમીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. અહીં અમારી અપેક્ષા કરતાં પણ વધારે વ્યક્તિઓએ હાજરી આપી હતી. તેનાથી સ્પષ્ટ સાબિત થાય છે કે આજે પણ લોકોને વિજ્ઞાન પ્રત્યે એટલો જ પ્રેમ છે.

એવું નક્કી કરવામાં આવ્યું કે હવે પછી આવા કાર્યક્રમ નિયમિતપણે યોજવામાં આવે તો ઘણા બધા યુવાનો ભારતમાં રહીને પણ રિસર્ચ વર્ક કરી શકશે આ પ્રસંગે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે દરેકનું હું ખૂબ ખૂબ આભાર માનું છું.




**વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ કંડારેલા કર્તવ્યપથ પર ગુજરાત અગ્રેસર ૭૪-મા ગણતંત્ર દિવસે પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં રજૂ થયેલા ટેબ્લોઝમાં ગુજરાતનો ટેબ્લો ''પીપલ્સચોઈસએવોર્ડ''માં અવ્વલક્રમે**

### સંયુક્ત કમીશ્રનરશ્રી, મધ્યાહન ભોજન યોજના, ગુ.રા ગાંધીનગરની કચેરીનાં તા.૨૭/૧૨/૨૦૨૨નાં પત્રથી પી.એમ.પોષણ (મધ્યાહન ભોજન)યોજના હેઠળ ફરજ બજાવતાં માનદવેતન ધારકો જેવા કે સંચાલકો /રસોઈયા/મદદનીશની Cooking Compition નું આયોજન



સંયુક્ત કમીશ્રનરશ્રી, મધ્યાહન ભોજન યોજના, ગુ.રા ગાંધીનગરની કચેરીનાં તા.૨૭/૧૨/૨૦૨૨નાં પત્રાથી પી.એમ.પોષણ (મધ્યાહન ભોજન)યોજના હેઠળ ફરજ બજાવતાં માનદવેતન ધારકો જેવા કે સંચાલકો /રસોઈયા/મદદનીશની Cooking Compition નું આયોજન રાજયમાં તાલુકા કક્ષાએ તા.૨૧/૦૧/૨૦૨૩નાં રોજ તથા જિલ્લા કક્ષાએ તા.૨૮/૦૧/૨૦૨૩નાં રોજ આયોજન કરવા સુચના આપેલ હતી.

જે અંતર્ગત પી.એમ.પોષણ (મધ્યાહન ભોજન)યોજના હેઠળ ફરજ બજાવતાં માનદવેતન ધારકો જેવા કે સંચાલકો/રસોઈયા/મદદનીશની જિલ્લા કક્ષાની Cooking Compition નું આયોજન તા.૨૮/૦૧/૨૦૨૩નાં રોજ અરવલ્લી જીલ્લાના મોડાસા ખાતે બ્લોક ફેક્ટરી પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં સંચાલકો/રસોઈયા/મદદનીશ કે જે તાલુકા કક્ષાની હરીફાઈમાં પ્રથમ અને દ્વિતિય નંબર મેળવેલ હતો તેઓએ ભાગ લીધેલ હતો.. જેમાં વાનગીની મુખ્ય સામગ્રી તરીક Mills એટલે કે બાજરી,જુવાર,નાગલી(રાગી) જેવા જાડા ધાનનો ઉપયોગ થાય તેને પ્રાધાન્ય આપી વાનગીઓ બનાવેલ હતી. વિજેતાઓ નકકી કરવાની નિર્ણાયક કમિટિમાં બ્લોક ફેક્ટરી પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકશ્રી, BRCશ્રી , ICDS સુપરવાઈઝરશ્રી , CDPOશ્રી મોડાસા તથા એક વાલીનો સમાવેશ કરેલ હતો.

ઈનામ વિતરણમાં માન.નાયબ કલેકટરશ્રી, પી.એમ.પોષણ(મ.ભ.યો) અરવલ્લીએ તમામ પાર્ટીસિપેન્ટને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રથમ વિજેતા તરીકે વાળંદ પીનાબેન પીનલકુમાર,સંચાલક, મોડાસાની પસંદગી કરેલ હતી તેમને ઈનામ સ્વરૂપે ૧૦,૦૦૦/-નું ઈનામ ં. M . P O S H A N YOJANA(MDM)તરફથી આપવામાં આવ્યુ હતું.દ્રિતિય ક્રમાંકે સોની ગીતાબેન કૌશિકકુમાર,સંચાલક,મોડાસાને રૂ.૫૦૦૦/-ઈનામ આપેલ તથા તૃતીય સુથાર મિનાક્ષીબેન જગદીશભાઈ,સંચાલક,બાયડને રૂ.૩૦૦૦/-નું ઈનામ તથા પ્રમાણપત્ર આપેલ હતા. સ્પર્ધામાં જિલ્લાનાં પ્રથમ ક્રમાંક વિજેતાને પ્રમાણપત્ર આપી “જિલ્લા શ્રેષ્ઠ P.M.Poshan Cook” જાહેર કરવામાં આવ્યા તથા અન્ય ભાગ લેનાર સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા.

## ૩૪ જેટલા નિવૃત રોજમદારોને માર્ચ ૨૦૨૩ પહેલા નિવૃત્તિના તમામ લાભો નું નાણામાં રૂપાંતર કરી ચૂકવી આપવા નામદાર ગુજરાત હાઈકોર્ટનો આખરી આદેશ

નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફેડરેશન દ્વારા કન્ટેમ ઓફ ધી કોર્ટ ની કાર્યવાહી હાથ ધરાતા ગુજરાત સરકાર હસ્તકની કાર્યપાલક ઈજનેર દાહોદ મ અને મા પંચાયતકચેરી અને ઝાલોદ મુકામે આવેલ મકાન અને માર્ગ પંચાતવિભાગના ૩૪ જેટલા નિવૃત રોજમદારોને માર્ચ ૨૦૨૩ પહેલા નિવૃત્તિના તમામ લાભો નું નાણામાં રૂપાંતર કરી ચૂકવી આપવા નામદાર ગુજરાત હાઈકોર્ટનો આખરી આદેશ

ગુજરાત સરકાર ના તાબા હેઠળ દાહોદ મુકામે ચાલતી કાર્યપાલક ઈજનેર મકાન અને માર્ગ પંચાયત હસ્તકની ઝાલોદ મુકામે આવેલ નાયબ કાર્યપાલક ઈજનેર મા અને મા પંચાયત વિભાગ માં વર્ષોથી ફરજ બજાવતા ૩૪ જેટલા કામદારોને નિવૃત્તિ સમયે કોઈ પણ પ્રકારના લાભો જેવા કે ગ્રેજ્યુટી પેન્શન રજાઓ તેમજ અન્ય ભથ્થાઓ નો લાભો આપ્યા સિવાય તેઓને નિવૃત્ત કરી દેવામાં આવેલ તે બાબતે કામદારો એ ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન ના પ્રમુખ એ એસ ભોઈ સંપર્ક કરી તેઓને થયેલ અન્યાય બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ ફેડરેશન દ્વારા એસ સી એ નંબર ૪૩૨૯/૨૧ થી દાખલ કરેલ હતી તેઅરજી ચાલી જતા બંને પક્ષકારોને સાંભળી ગુજરાત હાઈકોર્ટ દ્વારા તારીખ ૧૧/૨/૨૨ ના રોજ કામદારોને તેમની રોજમદાર તરીકેની સળંગ નોકરી કરી નિવૃત્તિના તમામ લાભો આપવા બાબતે આખરી આદેશ કરેલ જે આદેશ આદેશનો સીધો અમલ કરવા બાબતે ફેડરેશને સરકાર વિરુદ્ધ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ એમસીએ નંબર ૮૯૮/૨૨ દાખલ કરે જે અરજી દાખલ કરતા સરકાર દ્વારા એસ સી એ નો હુકમ રદ કરવા માટે એલપીએ નંબર ૩૦૧/૨૨ દાખલ કરેલજે બંને અરજી ચાલી જતા નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમૂર્તિ શ્રીઓ દ્વારા સરકારે દાખલ કરેલ એલપીએ રદ જાહેર કરી મૂળ એસ સી એ માં થયેલા હુકમને યથાવત રાખતો આદેશ તારીખ ૬/૧૦/૨૨ ના રોજ કરી જણાવેલ કે નિવૃત્તિના લાભો વિહોણા ૩૪ જેટલા કામદારોને માર્ચ ૨૦૨૩ પહેલા તેઓને મળવા પાત્ર તમામ લાભો નુ નાણામાં રૂપાંતર કરી ચૂકવી આપવા નું ફરમાવેલ છે જે થકી કામદાર પરિવાર આલમ માં હર્ષ ની લાગણી પ્રવૃત્તિ છે

ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન કાલોલ પંચ પ્રમુખ એ એસ ભોઈ

## મહેસાણામાં અમેરિકા જવાની ઘેલછામાં ૫૫ લાખનો ચૂનો લાગ્યો, પીડિતે આરોપી સામે ફરિયાદ નોંધાવી

મહેસાણા,તા.૩૧

રાજ્યમાં ફરી એક વાર કબૂતરબાજીની ઘટના સામે આવી છે. મહેસાણામાં વધુ એક કબૂતરબાજોએ વિદેશ જવા ઈચ્છનાર વ્યક્તિને રૂપિયા ૫૫ લાખનો ચૂનો લગાવ્યો છે. પીડિતને આર.એમ.એન્ટરપ્રાઈઝ નામની પેઢીમાં બોલાવી કબૂતરબાજોએ છેતરપિંડી આચરી હતી. આરોપી ભાવેશ વાળંદ અને પ્રશાંત સોની સહિત ત્રણ કબૂતરબાજોએ સાઉથ અમેરિકાના વિઝા અપાવવાનું કહીને રુપિયા પડાવી લીધા હતા અને વિઝા અપાવ્યા ન હતા. જેના પગલે પીડિતે આરોપી વિરુદ્ધ મહેસાણાના બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

આ પહેલા પણ મહેસાણાના લીંચ ગામે રતન ગઢપરામાં રહેતા આ છે ૫૦ વર્ષીય પટેલ દિનેશકુમાર કાશીરામ કે જેમના પુત્ર સુનીલને અમેરિકા જવાની ઈચ્છા પૂરી કરવા ગમે તેમ કરીને રૂપિયા ૫૦ લાખ ભેગા કર્યા. અને અમદાવાદના બે શખ્શો એ તેમને વિશ્વાસ અપાવતા બંનેને રૂપિયા ૫૦ લાખ આપી પણ દીધા. અમદાવાદના સોલા રોડ પર આવેલા ગૌરવ બંગલોઝમાં રહેતા પટેલ જીનલ રાજેન્દ્રભાઈ અને વસ્ત્રાલના શિવસુખ નગરમાં રહેતા કલ્પેશ વ્યાસે ફરિયાદી પટેલ દિનેશભાઈને વિશ્વાસ આપ્યો હતો કે તેઓ ગમે તેમ કરીને તેમના પુત્ર સુનીલને અમેરિકામાં ઘુસાડી દેશે. પણ દિનેશ પટેલના પુત્ર ને અમેરિકા જવાનું સપનું કદાચ સપનું જ રહી જશે એ એમને નહોતી ખબર.

## વડાપ્રધાન મોદીજી , ઉપરાષ્ટ્રપતિ ધનખડજીએ ગાંધી સ્મૃતિ ખાતે આંતરધર્મ પ્રાર્થનામાં ભાગ લીધો હતો

**આ કાર્યક્રમમાં આચાર્ય લોકેશજીએ જૈન પ્રાર્થના અને મહાવીર વાણી રજૂ કરી હતી**

**“ભગવાન મહાવીરના અહિંસા દર્શનથી વિશ્વ શાંતિ શક્ય છે.” - આચાર્ય લોકેશજી**







પ્રસિદ્ધ જૈનાચાર્ય ડૉ. લોકેશજી, અહિંસા વિશ્વ ભારતીના સ્થાપક અને અહિંસા, અનેકાંત (વિવિધતામાં એકતા) અને અપરિગ્રહ (ત્યાગ)ના ભગવાન મહાવીરનાં સિદ્ધાંતોને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી નિર્વાણ દિનની ૭૫મી વર્ષગાંઠની પ્રાર્થના સભામાં પુનઃજીવિત કર્યા હતા. વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી અને ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી જગદીપ ધનખડજીએ ગાંધી સ્મૃતિ ખાતે આયોજિત આંતરધર્મ પ્રાર્થના દરમિયાન મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પ્રસંગે એલ.એસ.ના સ્પીકર ઓમ બિરલાજી , આચાર્ય ડૉ. લોકેશ મુનિજી એ ભગવાન મહાવીરની ફિલસૂફીને ટાંકતા કહ્યું હતું કે અહિંસાનો સિદ્ધાંત કહે છે કે હિંસા પ્રતિહિંસાનો જન્મ આપે છે. યુદ્ધ, હિંસા અને આતંકવાદ કોઈપણ સમસ્યાનો ઉકેલ લાવી શકતા નથી.વાતચીત દ્વારા તમામ સમસ્યાઓનો ઉકેલ લાવી શકાય છે. અનિકાંતનો સિદ્ધાંત (વિવિધતામાં એકતા) કહે છે કે આપણે બીજાની ફિલસૂફી અને વિચારોનો આદર કરવો જોઈએ અપરિગ્રહ (ત્યાગ) નો સિદ્ધાંત કહે છે કે જો તમારો ભાઈ ભૂખ્યો સૂતો હોય અને તમે સારું ખાધું હોય, તો તમે મોક્ષ મેળવી શકતા નથી. તેમણે કહ્યું કે ભગવાન મહાવીરનાં સિદ્ધાંતોને અપનાવીને આપણે સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકીએ છીએ. આ પ્રસંગે આચાર્ય લોકેશજીએ નવકાર મંત્ર, મંગલ પાઠ અને ક્ષમાપ્ર સૂત્રનું પઠન કર્યું હતું. આ પ્રસંગે બૌદ્ધ, પારસી ધર્મ, બહાઈઝ, યહુદી ધર્મ, જૈન પ્રાર્થના, પવિત્ર બાઈબલમાંથી વાંચન, પવિત્ર કુરાન, પવિત્ર ગુરુ ગ્રંથ સાહેબ, ભગવત ગીતા અને શબદ કીર્તનનું પણ ઈન્ટરફેથ અગ્રણીઓ દ્વારા પઠન કરવામાં આવ્યું હતું. જાણીતા ગાયક પદ્મ ભૂષણ ઉદિત નારાયણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપવા માટે ભજનો ગાયા હતા.

### ૧૦ વર્ષ બાદ

## અમદાવાદીઓના મિલ્કત વેરામાં વધારો કરાયો છે. તો બીજી તરફ, સુરત મનપાએ વેરામાં વધારો કર્યો

અમદાવાદ,તા.૩૧

મોંઘવારીના માર બાદ વધુ એક માર ગુજરાતના નાગરિકો પર પડવા જઈ રહ્યો છે. ગુજરાતના બજેટ પહેલા વિવિધ શહેરોના મ્યુનિસિપલ બજેટ રજૂ થવા જઈ રહ્યાં છે. ત્યારે અમદાવાદ અને સુરતના નાગરિકો પર બોજો ઝીંકાયો છે. અમદાવાદ અને સુરતનું મ્યુનિસિપલ કોર્પોરેશનનુ ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું છે. જેમાં ૧૦ વર્ષ બાદ અમદાવાદીઓના મિલ્કત વેરામાં વધારો કરાયો છે. તો બીજી તરફ, સુરત મનપાએ વેરામાં વધારો કર્યો છે. સુરતમાં પહેલા ૧૦ રૂપિયા હતો તે વધારી ને ૧૪ રૂપિયા કરવામાં આવ્યો છે.

મ્યુનિસિપલ કમિશ્નર એમ.થેન્નારસન એ સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ વર્ષ ૨૦૨૩-૨૪ નું ડ્રાફ્ટ બજેટ રજૂ કરાયું છે. ગત વર્ષના રૂ.૮૧૧૧ કરોડના ડ્રાફ્ટ બજેટ ની સામે રૂ.૮૪૦૦ કરોડનું બજેટ રજૂ કરાયું છે. ત્યારે મ્યુનિસિપલ કમિશ્નરના ડ્રાફ્ટ બજેટ મામલે અત્યંત મોટા અને ઝટકો લાગે તેવા સમાચાર એ છે કે, ૧૦ વર્ષ બાદ અમદાવાદીઓના મિલ્કત વેરામાં વધારો કરાયો છે. રહેણાંક મિલ્કતો માટે પ્રતિ ચોરસ મીટર રૂ. ૭ નો વધારો કરી ૨૩ રૂ કરાયા છે. કોમર્શિયલ મિલ્કતો માટે પ્રતિ ચોરસ મીટર રૂ. ૯ નો વધારો કરી રૂ ૩૭ કરાયા છે. જોકે, પાણી અને કોન્ઝર્વન્સી વેરામાં હાલ કોઈ વધારો ન કરાયો નથી.

અમદાવાદની જેમ સુરત મનપાએ પણ વેરામાં વધારો ઝીંક્યો છે. પહેલા ૧૦ રૂપિયા હતો તે વધારી ને ૧૪ રૂપિયા કરવામાં આવ્યો છે. એરિયાવાઈસ અને સ્કવેર ફૂટ પર વેરો લેવામાં આવે છે. ત્યારે આ નિર્ણયથી સુરત મનપાને ૩૦૦ કરોડ રૂપિયાની વેરાની આવક વધશે. સુરત મનપાએ ૧૨ વર્ષના અંતરાલ બાદ વેરામાં વધારો કર્યો છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા રજૂ થયેલા ડ્રાફ્ટ બજેટમાં રહેણાંક અને બિન રહેણાંક મિલ્કતો ઉપર વેરો વધારવામાં આવ્યો છે કુલ મળીને ડ્રાફ્ટ બજેટમાં ૩૦૭ કરોડ જેટલો વેરો સુરતી ઉપર ઝીંકવામાં આવશે.રહેણાંક મિલ્કતોના સામાન્ય વેરાના દરમાં પ્રતિ ચોરસ મીટર માત્ર રૂ. ૪ નો વધારો બિન રહેણાંક મિલ્કતોના સામાન્ય વેરાના દરમાં પ્રતિ ચોરસ મીટર રૂ. ૧૦નો વધારો કરાયો છે. સામાન્ય વેરામાં અંદાજીત વધારો રૂ ૧૫૨.૧૮ કરોડ.યુઝર ચાર્જીસમાં અંદાજીત વધારો રૂ. ૧૪૮.૬૬ કરોડ. ૭ વોટર મીટર ચાર્જીસમાં વધારો રૂ. ૬ કરોડ. અંતર્ગત ઈલેકટ્રીક વાહનો માટે યાંત્રિક પરિવહન ચાર્જમાં ૭૫% ની રાહત.નવા વિસ્તારો માટે એકશન પ્લાન બનાવશે ૮૨૪ કરોડની માતબર જોગવાઈ કરાઈ કરવામાં આવ્યું છે. મેસેજ કરીને નવા વેસ્ટ કરેલા વિસ્તારની અંદર પાણી અને રોડ અને વીજળીને સુવિધા પાછળ ખર્ચ કરવામાં આવશે સુરેશ શહેરના નવા સીમાનકાળ કરાયેલા વિસ્તારોમાં હજી સુધી કોઈ મોટા સુવિધા ના કામ પૂર્ણ થયા નથી પરંતુ વર્ષ ૨૦૨૩૨૪ માં કામને ઝડપથી આગળ વધારવા માટેની કામગીરી કરવામાં આવશે.સુરત મહાનગરપાલિકા દ્વારા કેપિટલ પ્રોજેક્ટ ની પાછળ ૩૫૧૯ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો નિર્ણય કરાવ્યો છે.

કેપિટલ ખર્ચ પાછળ સૌથી વધુ ખર્ચ કરવા પાછળ રહેતો લોકોને સુવિધાઓને ઝડપથી પૂરી પાડવા માટેનો છે. ઈન્ટેવેલ અને ફ્રેન્ચ વેલની ઝડપથી કરવામાં આવશે ને કામગીરી પણ કરવામાં આવશે. સુરત શહેરમાં નવા ત્રણ બ્રિજ બનાવવા માટે કરવામાં આવ્યું છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.